dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year - 7 | Issue-212 | AD - 2024, Chaitra Vad -13 | Monday, Dt.06-05-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

## રાજ્યમાં લોકસભાની ૨૫ બેઠકો માટે આજે કતલની રાત

# ત્રીજા તબક્કાની ચૂંટણી પ્રચારના પડઘમ શાંત, ૭ મેના રોજ ૯૩ બેઠકો પર મતદાન

### વિધાનસભાની ચાર બેઠકોની પેટાચૂંટણી પણ યોજાશે

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૫

દેશમાં ચાલી રહેલી લોકસભાની ચૂંટણીમાં અત્યાર સુધીમાં બે તબક્કાનું મતદાન થયું છે. હવે ત્રીજા તબક્કાનું મતદાન આગામી ૭મી મેના રોજ થવાનું છે. ત્રીજા તબક્કાના મતદાનને કારણે ૫ મી મેના રોજ સાંજે પાંચ વાગે ચૂંટણીનો પ્રચાર બંધ થઈ ગયો છે. ત્રીજા તબક્કામાં ૭મી મેના રોજ ગુજરાતની ૨૫ સહિત ૧૨ રાજ્યો- કેન્દ્ર શાસિત પ્રદેશની ૯૩ બેઠકો પર મતદાન હાથ ધરાશે.

લોકસભાની ચૂંટણીના ત્રીજા તબક્કામાં ગુજરાતમાં લોકસભાની ૨૬ પૈકી ૨૫ બેઠક પર મતદાન હાથ ધરાશે. સુરતની બેઠક ભાજપે બિનહરીફ જીતી લીધી છે. આથી સુરત સિવાયની બાકીની ૨૫ બેઠકો પર મતદાન હાથ ધરાશે. લોકસભાની ૨૫ બેઠકોની સાથેસાથે ગુજરાત



વિધાનસભાની ચાર બેઠકોની પેટાચૂંટણી પણ યોજાશે. જે મુખ્યત્વે કોંગ્રેસમાંથી રાજીનામુ આપીને ભાજપમાં જોડાયેલા ધારાસભ્યોને કારણે ખાલી પડેલી બેઠકનો સમાવેશ થાય છે. આ બેઠકોમાં પોરબંદર, વિજાપુર, ખંભાત, માણાવદર અને વાઘોડિયા બેઠકનો સમાવેશ થાય છે.

ત્રીજા તબક્કાની ચૂંટણીમાં કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ, મધ્ય પ્રદેશના પૂર્વ મુખ્ય પ્રધાન શિવરાજ ચૌહાણ, દિગ્વિજય સિંહ, ડિમ્પલ યાદવ, સુપ્રિયા સુલે સહિત અનેક મોટા ઉમેદવારોના ભાવિનો ફેંસલો થશે. અત્યાર સુધી દેશમાં લોકસભાની ચૂંટણીના પ્રથમ તબક્કામાં ૧૯મી એપ્રિલે ૨૧ રાજ્યોની ૧૦૨ બેઠકો પર મતદાન થયું હતું.

ત્યારબાદ બીજા તબક્કાની ચૂંટણીમાં ૨૬ એપ્રિલે ૮૮ બેઠકો પર મતદાન થયું હતું, ત્યારબાદ હવે ત્રીજા તબક્કાનું મતદાન ૭ મેના રોજ થશે. જે બાદ ચોથા તબક્કાનું મતદાન આગામી ૧૩ મેના રોજ, પાંચમા તબક્કાનું ૨૦ મેના રોજ, છઠ્ઠા તબક્કાનું ૨૫ મેના રોજ અને સાતમા તબક્કાનું મતદાન આગામી ૧ જૂને થશે. જ્યારે ૪ જૂને મત ગણતરી થશે. ત્રીજા તબક્કાના પ્રચારના પડઘમ આજે સાંજે શાંત થયા છે તે પહેલા તમામ રાજકીય પક્ષોએ મતદારોને આકર્ષિત કરવાના પ્રયાસો કર્યા હતાં અને રેલીઓ, રોડ શોનું આયોજન કર્યું હતું. ૭મી મેના રોજ યોજાનારા મતદાનના ત્રીજા તબક્કામાં ગુજરાત, કર્ણાટક, મધ્યપ્રદેશ, આસામ, બિહાર, છત્તીસગઢ, ગોવા, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, પશ્ચિમ બંગાળ, દાદરા અને નગર હવેલી, દમણ અને દીવ, જમ્મુ અને કાશ્મીરની બેઠકોનો સમાવેશ થાય છે.


જોકે, ચૂંટણી પંચે જમ્મુ-કાશ્મીરની અનંતનાગ, રાજૌરી સીટ પર મતદાનની તારીખમાં ફેરફાર કર્યો છે. હવે અહીં છઠ્ઠા તબક્કામાં ૨૫ મેના રોજ મતદાન થશે. મતદાનની ટકાવારી વધારવા માટે ચૂંટણી પંચ મતદાર જાગૃતિ અભિયાનના અનેક કાર્યક્રમોનું આયોજન કરી રહ્યું છે.




## વર્ષ ૨૦૨૪ની બાબા બર્ફાનીની પહેલી તસવીર

# અમરનાથ યાત્રા ૨૯ જૂનથી શરૂ થશે

(જી.એન.એસ) તા. ૫



પૌરાણિક કથાઓ અનુસાર, આ પવિત્ર ગુફામાં જ ભગવાન શિવે દેવી પાર્વતીને જીવન અને અનંતકાળનું રહસ્ય સંભળાવ્યું હતું. સાથે જ તેને ૫૧ શક્તિપીઠોમાંથી એક માનવામાં આવે છે. ભગવાન શિવના કરોડો ભક્તો દર વર્ષે આ પવિત્ર યાત્રા કરે છે.

આ વર્ષની અમરનાથ યાત્રા ૨૯ જૂનથી શરૂ થઈ રહી છે અને ૧૯ ઓગસ્ટ રક્ષાબંધન સુધી ચાલશે. લગભગ ૫૦ દિવસ સુધી ચાલનારી અમરનાથ યાત્રા માટે અત્યાર સુધીમાં ૧.૫ લાખથી વધુ શિવભક્તોએ રજીસ્ટ્રેશન કરાવી લીધું છે. અમરનાથ યાત્રા માટે રજીસ્ટ્રેશન ૧૫ એપ્રિલથી શરૂ થઈ ગયું છે. કોઈપણ ભક્ત જે આ યાત્રા પર જવા માંગે છે તે સત્તાવાર વેબસાઈટ https://jksasb.nic.in પર રજીસ્ટ્રેશન કરાવી શકે છે. વર્ષમાં માત્ર એક જ વખત થનારી આ પવિત્ર અમરનાથ યાત્રા બે રૂટથી થાય છે. પહેલો માર્ગ અનંતનાગ જિલ્લામાં પરંપરાગત ૪૮ કિમી લાંબા નુનવાન-પહલગામ માર્ગ દ્વારા છે અને બીજો માર્ગ ગાંદરબલ જિલ્લામાં ૧૪ કિમી ટૂંકા અને સાંકડા બાલટાલ માર્ગ દ્વારા છે. આ યાત્રાનું આયોજન જમ્મુ અને કાશ્મીર સરકાર અને શ્રી અમરનાથજી શ્રાઈન બોર્ડના સંયુક્ત સહયોગથી કરવામાં આવે છે.





















# મહુવા તાલુકાને જિલ્લો બનાવવા જે કરવું પડશે તે કરીશ : જેનીબેન ઠુમ્મર





અમરેલી, તા.૫

અમરેલી - મહુવા-ગારીયાધાર વિસ્તારના કોંગ્રેસ અને ઈન્ડિયા ગઠબંધનના લોકસભાના શિક્ષિત મહિલા ઉમેદવાર જેનીબેન ઠુમ્મર દ્વારા મહુવામાં રોડ શો યોજવામાં આવ્યો હતો તેમાં તેઓએ મહુવાના લોકોને મળી અને તેમના આશીર્વાદ મેળવ્યા હતા. આ તકે આ રોડ શોમાં વિશાળ સંખ્યામાં સમગ્ર તાલુકામાંથી લોકો, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના કાર્યકરો, આગેવાનો અને સ્વૈચ્છિક સંસ્થાઓના આગેવાનો જોડાયા હતા. આ રોડ શોમાં જેનીબેન ઠુમ્મરને લોકોએ ઉમળકાભેર આવકાર અને આશીર્વાદ આપ્યા હતા. આ રોડ શો બાદમાં સભામાં પરિવર્તીત થયો હતો. જેમાં અત્રે કોમ્યુનિટી હોલ ખાતે વિશાળ જાહેરસભા યોજાઈ હતી. જેમાં જેનીબેન ઠુમ્મરે સંબોધન કરતા જણાવ્યુ હતું કે મહુવા તાલુકો મારા સંસદીય મત વિસ્તારમાં આવે છે ત્યારે મહુવા તાલુકાને જિલ્લો બનાવવા જે કાંઈ કરવું પડશે તે હું કરીશ તેનું વચન આપુ છું. આ ઉપરાંત આ વિસ્તારના ખેડૂતો જે ડુંગળી પકવે છે અને અન્ય નાની મોટી ખેત પેદાશો લે છે તેમને વધુમાં વધુ ભાવ મળે અને ખેતી ઉપર ઓછો ખર્ચ થાય તે માટે રાહુલ ગાંધીએ આપેલ એમ.એસ.પી.ના કાયદાને હું સમર્થન કરીશ અને ખાતર-બિયારણ પરના કરવેરા કાં તો નાબૂદ કરાશે. મહુવા વિસ્તારના ઐતિહાસિક સ્થળોને કારણે અહીંયા પ્રવાસન ઉદ્યોગનો સારો વિકાસ થાય તેમ છે ત્યારે આ વિસ્તારના રસ્તાઓ અને અન્ય સુવિધાઓનું ઈન્ફ્રાસ્ટ્રકચર સારૂમાં સારૂ બનાવવામાં આવશે. આ વિસ્તારમાં લાંબા અંતરની પેસેન્જર ટ્રેનો મળે અને ખાસ કરીને અયોધ્યા, કાશી, મથુરા અને ચારધામની ટ્રેન અહીંયાથી શરૂ થાય તેવી મારી માંગણી અને રજૂઆત રહેશે. આ વિસ્તારમાં યુવાનોને રોજગારી મળે તે માટે ગૃહ ઉદ્યોગો અને પ્રકૃતિને અનુરૂપ ઉદ્યોગોને પ્રોત્સાહન અપાશે. અને તેમાં વધુમાં વધુ મહુવાના યુવાનોને રોજગારી મળે તેવા મારા પ્રયત્નો રહેશે. આ રોડ શો અને સભામાં અમરેલીના ઉમેદવાર જેનીબેન ઠુમ્મર, મહુવાના પૂર્વ ધારાસભ્ય કનુભાઈ કલસરીયા, જીલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ રાજેન્દ્રસિંહ ગોહિલ, પાલીતાણાના પૂર્વ ધારાસભ્ય પ્રવીણભાઈ રાઠોડ, તળાજાના પૂર્વ ધારાસભ્ય કનુભાઈ બારૈયા, મહુવાના આગેવાન રાજભાઈ મેહતા, વિજયભાઈ બારૈયા, શહેર કોંગ્રેસ પ્રમુખ મિલનભાઈ જોષી, તાલુકા કોંગ્રેસ પ્રમુખ વી.ડી. મકવાણા, બાબુભાઈ જેઠવા, લાખાભાઈ ગોહિલ, જીતેન્દ્રસિંહ વાજા, દીપકભાઈ મકવાણા, મેહબૂબભાઈ કલાણીયા, પરેશભાઈ જીંજાળા, અરવિંદભાઈ કાતરીયા, અનંતસિંહ સોલંકી, રામસિંહ પઢીયાર, કીર્તિભાઈ રાવલિયા, ભાણભાઈ બારૈયા, તાલુકા પંચાયતના સભ્યો છગનભાઈ નકુમ, મહેશભાઈ કવાડ, ચંદુભાઈ ચૌહાણ, અજીતભાઈ ભીલ, જીલ્લા પંચાયતના સભ્ય જનકભાઈ શિયાળ, નગરપાલિકાના સભ્યો, જયશ્રીબેન સરવૈયા, રાજેશ્વરીબેન દવે, જેતુનબેન દાસાડિયા, શેહનાઝબેન ઉપરાંત સૈયદ સાલે, ઉંમરભાઈ, આસિફભાઇ, સહકારી ક્ષેત્રના આગેવાન બિપીનભાઈ જોષી, ઘેલુભા ગોહિલ, ભયલુભાઈ કામળીયા તથા વિવિધ સેલ અને સમિતિના કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના હોદ્દેદારો, તાલુકા- જિલ્લા પંચાયત અને નગરપાલિકાના સદસ્યો, સરપંચો સહિત મહિલા મોરચાના આગેવાનો અને યુવક કોંગ્રેસ સહિત સ્વૈચ્છિક સંસ્થાઓના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. અને સૌ કોઈએ સાથે મળી અને જંગી બહુમતીથી જેનીબેન ઠુમ્મરને વિજય બનાવવા અને કોંગ્રેસ તરફી વધુમાં વધુ મતદાન કરાવવા સંકલ્પ લીધો હતો.

# મોટી કુંકાવાવ ખાતે "રન ફોર વોટ" રેલી યોજાઈ



કુંકાવાવ,તા.૫

લોકસભા ચૂંટણીમાં દરેક મતદાર મતદાન કરે તે ઉદ્દેશથી કુંકાવાવ ખાતે ચૂંટણી પંચ દ્વારા રન ફોર વોટ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીમાં શિક્ષણ, આરોગ્ય, icds, pgvcl તથા તા.પં. અને મામલતદાર કચેરી વડિયા, બીઆરસી, સીઆરસી સ્ટાફ, TPEO કચેરી, સરકારી પ્રાથમિક માધ્યમિક શાળાનાં તમામ શિક્ષકો સહિત વિવિધ વિભાગનાં સેંકડો કર્મચારીઓ રેલીમાં જોડાયાં હતાં. સુત્રોચાર સાથે રેલીએ મતદારોને જાગૃત કરી અવશ્ય મતદાન કરવા અપીલ કરી હતી. બસ સ્ટેન્ડ ઉપર રેલી જાહેરસભામાં ફેરવાઈ અને ત્યાં અવશ્ય મતદાન કરવા અને અન્યને મતદાન કરાવવા શપથ લેવડાવ્યાં હતા. સમગ્ર રેલીનું સંકલન, સંચાલન પૂર્વ બીઆરસી ઉદયભાઈ દેસાઈએ કર્યું હતું. સફળ આયોજન માટે તા.પં. ના પંકજભાઈ પુરબીયા તથા ભુતૈયાભાઈ પે સે.આચાર્ય ઢોલરિયા અને સમગ્ર ટીમે જહેમત ઉઠાવી હતી.

# બગસરામાં શનિશ્વરા પરિવાર દ્વારા શ્રીમદ્ ભાગવત સપ્તાહનું આયોજન



બગસરા તા.૫

બગસરામાં શનિશ્વરા પરિવાર દ્વારા ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. અશોકભાઈ શાસ્ત્રી વ્યાસપીઠ ઉપરથી ભાગવત સપ્તાહનું લોકોને રસપાન કરાવી રહ્યા છે. આ સપ્તાહમાં શ્રીનાથજી સત્સંગ, નંદ ઉત્સવ, રાસગરબા વગેરે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા પૂજ્ય શાસ્ત્રી અશોકભાઈનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું.

# રાજુલા શહેરનાં દેવભૂમિ દેવપરા મહાકાળીનાં મઢે મહાયજ્ઞ યોજાયો


તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા,તા.૫

રાજુલા તાલુકાનાં દેવ ભૂમિ દેવપરા મહાકાળી માનાં મઢે ઉકાભાઈ ભીખાભાઈ બાંભણીયા દ્વારા મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યજ્ઞમાં તેમના સુપુત્ર સંતોષભાઈ ઉકાભાઈ બાંભણીયાએ પૂજા અર્ચના કરી અને બીડુ હોમ્યું હતું. આ કાર્યક્રમમાં સરપંચ વાલભાઈ તથા આકાશભાઈ, મહુવાથી ધનાભાઈ તેમજ બળવંતભાઈ બારૈયા, કથીવદરથી ટીનાભાઈ સોલંકી, બાંભણીયા પરિવાર ખાસ હાજર રહ્યાં હતાં. આ ધાર્મિક પ્રસંગમાં ભક્તિ, ભાવ અને ભોજનનો ત્રિવેણી સંગમ જોવા મળ્યો હતો.

# મતદાન જાગૃતિ માટે અમરેલીમાં કબડ્ડી સ્પર્ધાનું કરાયું આયોજન



અમરેલી,તા.૫

અમરેલી શહેરમાં સિનિયર સિટીઝન્સ પાર્ક ખાતે ભારતના ચૂંટણી પંચ દ્વારા નિમવામાં આવેલા જનરલ ઓબ્ઝર્વર એમ. કે. દ્રાબુ અને અમરેલી જિલ્લા ચૂંટણી અધિકારી અજય દહિયા અને ખર્ચ તેમજ ટર્નઆઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન નોડલ અધિકારી પરિમલ પંડ્યાની ઉપસ્થિતિમાં કબડ્ડી ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કબડ્ડી ટૂર્નામેન્ટમાં ભાગ લેનારા ખેલાડીઓએ મતદાન જાગૃતિનો સંદેશ પ્રસરાવ્યો હતો. કાર્યક્રમના પ્રારંભે અમરેલી જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા મતદાન જાગૃતિ અર્થે તૈયાર કરવામાં આવેલી કોલર ટ્યૂનનું જિલ્લા ચૂંટણી અધિકારી અજય દહિયાના હસ્તે લોન્ચીંગ કરવામાં આવ્યું હતું. આ કોલર ટ્યૂન જિલ્લા ચૂંટણી-વહીવટી તંત્રના જિયો મોબાઈલ ધારક અધિકારીઓ અને કર્મચારીઓના મોબાઈલમાં વાગશે. અમરેલી જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટર અજય દહિયાએ કહ્યું મતદાન જાગૃતિ અર્થે સ્વીપ અને ટી.આઈ.પી. અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા જિલ્લાના ૧૨ લાખ જેટલા નાગરિકો સુધી મતદાન જાગૃતિનો સંદેશો પ્રસરાવવામાં આવ્યો છે. રમતના માધ્યમથી મતદાન જાગૃતિનો આ નવતર પ્રયોગ છે. મતદાનના દિવસે અમરેલી જિલ્લાના તમામ મતદાન મથકો પર પીવાનું ઠંડુ પાણી, ગરમીથી બચવા છાંયડો આપે તેવા શેડ, દિવ્યાંગ મતદારો માટે વ્હીલચેર, મતદાન મથકો પર સહાયકો, મહિલાઓ અને વરિષ્ઠ મતદારો માટે કતાર વ્યવસ્થાપન વગેરે આવશ્યક સેવાઓ ઉપલબ્ધ રહેશે. દિવ્યાંગો માટે સક્ષમ એપ પરથી વ્હીલચેર બુક કરાવી શકાય છે અને સાથે સાથે તેમના માટે પરિવહનની સુવિધા પણ મેળવી શકાય છે.


લાખ લાખ અભિનંદન

અમરેલી જિલ્લાનાં સહકારી ક્ષેત્રના ભિષ્મ પિતામહ
અને ખેડૂત નેતા શ્રી દિલીપભાઈ સંઘાણીને
ઈફકોના ડાયરેકટર તરીકે બિનહરીફ વરણી
થવા બદલ હાર્દિક શુભેચ્છા
શ્રી દિલીપભાઈ સંઘાણી
ચેરમેન શ્રી ઈફકો
ચેરમેનશ્રી અ.જી.મ.સ.બેંક લી.
અમરેલી



શુભેચ્છક
શ્રી ધીરૂભાઈ છગનભાઈ રાદડીયા –પ્રમુખશ્રી
શ્રી ભનુભાઈ પ્રાગજીભાઈ રાદડીયા– ઉપપ્રમુખશ્રી
શ્રી ઘનશ્યામભાઈ મધુભાઈ –મંત્રીશ્રી
તથા તમામ વ્યવસ્થાપક કમિટી મેમ્બરશ્રીઓ
ચૌત્રા સેવા સહકારી મંડળી લી. મુ.ચૌત્રા, તા. રાજુલા

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારુતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)



વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

Hero
DUNIYA KI SARVOTTAM Fi ENGINE TECHNOLOGY
AB HAR HF DELUXE MEIN.



નવનીત ઓટો સેન્ટર
ગોપી સિનેમા પાસે, સ્ટેશન રોડ,
અમરેલી ફો.૭૫૭૪૮૨૭૩૦૦

મુકેશ સંઘાણી
94281 45595
New Number
97230 67130
હર્ષદ સંઘાણી
98242 33314
હાઈડ્રોલીક લીફ્ટ નંગ – ૨ વેચવાની છે સંપર્ક કરો
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ– બેલેન્સીગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીગ • ઈન્શ્યુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ શ્રેષ્ઠ ગ્રાહક સેવા ગુણવતાયુકત કામ પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ



મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

# બગસરામાં મતદાન જાગૃતિ માટે રન ફોર વોટ રેલીનું આયોજન કરવામાં આવ્યું

બગસરા તા.૫

મતદારોમાં જાગૃતિ આવે તે માટે બગસરામાં રન ફોર વોટનું આયોજન કરવામાં આવ્યું હતું. તમામ અધિકારી તેમજ પ્રાંત કચેરી તેમજ તાલુકા પંચાયત બગસરાના ઉપક્રમે આયોજન કરવામાં આવ્યું હતું.



મામલદાર, પ્રાંત અધિકારી તેમજ ટીડીઓ સહિત મોટી સંખ્યામાં લોકો રેલીમાં જોડાયા હતા. આ કાર્યક્રમ લોકોને મતદાન કરવા પ્રેરણા આપવા માટે કરવામાં આવ્યો હતો. કાર્યક્રમ દ્વારા લોકોને મતદાન કરવું એ આપણી નૈતિક ફરજ છે તે સમજીને મતદાન અવશ્ય કરવું, મતદાન આપણો અધિકાર છે તે વિશે માહિતી આપવામાં આવી હતી. આ રેલીમાં આશરે ૫૦૦ જેટલા કર્મચારીઓ જોડાયા હતા.

# લીલીયા મોટા ખાતે રન ફોર વોટ કાર્યક્રમ યોજાયો

અમરેલી, તા.૫

મતદાન પ્રત્યે લોકોમાં જાગૃતિ આવે તે માટે લીલીયા મોટા ખાતે લીલીયા તાલુકામાં આવેલ તમામ કચેરીના અધિકારીઓ, કર્મચારીઓની એક વિશાળ રેલી રન ફોર વોટ લીલીયા મોટા શહેરના માર્ગો પર કાઢવામાં આવી હતી. આ રેલી મામલતદાર કચેરીથી શરૂ




કરી શહેરની મુખ્ય બજારોમાં સૂત્રોચ્ચાર સાથે ફરી હતી જે તાલુકા પંચાયત ખાતે સમાપ્ત થઈ હતી. આ તકે મામલતદાર દેસાઈ, આશિષ ગોસાઈ, પંકજ બારૈયા, T.D.O તુષાર રાદડિયા, કિશોરભાઈ આચાર્ય, PSI એસ. આર.ગોહિલ, T.H.O સિદ્ધપુરા, R.F.O ગલાણી, C.D.P.O મીનાક્ષીબેન, કેતનભાઈ કાનપરિયા, વિમલભાઈ મહેતા સહિતના અધિકારીઓ, કર્મચારીઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલીમાં યુવક પર લાકડી, તલવારથી હુમલો

અમરેલી, તા.૫

અમરેલીમાં એક યુવક પર લાકડી તથા તલવારથી હુમલો કરવામાં આવ્યો હતો. ઉપરાંત જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે દાનુભાઈ ઝીણાભાઈ વાઘોશી (ઉ.વ.૨૯) એ હરીસિંહ સહિત ત્રણ લોકો સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમને આરોપી હરીસિંહ ઉર્ફે લાલભાઈ ચૌહાણ સાથે અગાઉનુ મનદુઃખ હતું. જે મનદુઃખ બાબતે તેમના પર લાકડી તથા તલવાર વડે હુમલો કરતા માથાના ભાગે ત્રણેક ટાંકા આવ્યા હતા.

ઉપરાંત ત્રણેય આરોપીઓએ તેમને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ જે.કે. ડામોર વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાં નિવૃત શિક્ષકનુ અવસાન થતાં પુત્રએ ચક્ષુદાન કરવાનો કર્યો નિર્ણય

અમરેલી,તા.૫

અમરેલીમાં ૭૧ વર્ષીય પિતાનું અવાસન થતાં પુત્રએ ચક્ષુદાન કરવાનો નિર્ણય કર્યો છે. ચલાલાના વતની અને અમરેલીમાં રહેતા નૂતન હાઈસ્કૂલના નિવૃત શિક્ષક સારસ્વત તરૂણકાંત ગુલાબચંદ માંડલિયાનું ૭૧ વર્ષની વયે ૧લી મેના રોજ અવસાન થયું હતું.



તેમના અવસાન બાદ તેના પુત્ર હિતેશ માંડલિયા દ્વારા ચક્ષુદાન કરવાનો નિર્ણય કરવામાં આવ્યો. આ માટે તેમણે ડૉ. એસ.આર. દવેનાં માધ્યમથી ચક્ષુદાન ક્ષેત્રે સેવારત સંસ્થા સંવેદન ગૃપના સંયોજક વિપુલ ભટ્ટીનો સંપર્ક કરી ચક્ષુદાન લેવા જણાવ્યું હતું. આ નેત્રદાન સ્વીકારવા માટે સંવેદન ગૃપના ટ્રસ્ટી દિપક મહેતા તથા ધર્મેન્દ્ર લલાડિયા સાથે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી સાવરકુંડલા બ્રાંચનાં સેક્રેટરી મેહુલ વ્યાસે સેવા આપી હતી. માંડલિયા પરિવારે કરેલ યોગ્ય નિર્ણય બે અંધજનોના જીવનમાં રોશની લાવશે. તેમજ મૃત્યુ બાદ નેત્રદાન માટે સમાજમાં પ્રેરણાદાયી ઉદાહરણ પુરું પાડ્યું છે તેમ સંસ્થાના મંત્રી મેહુલ વાઝાએ જણાવ્યું છે.

# અમરેલીમાં કંડક્ટરને ગાળો બોલી જાનથી મારવાની ધમકી આપી

અમરેલી, તા.૫

અમરેલીમાં રહેતા કંડકટર તરીકે કામ કરતાં એક યુવકને ગાળો બોલીને જાનથી મારવાની ધમકી આપી હતી. બનાવ અંગે રઘુવીરસિંહ હરિસિંહ ચૌહાણ (ઉ.વ.૧૯)એ દાનુભાઈ જીણાભાઈ વાઘોશી સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ તથા તેના નાનાભાઇ ભગીરથસિંહ અને તેના ફઈના દિકરા જશુભા જાડેજા આ ત્રણેય જણા પોતાના મકાન પાસે આવેલ ખુણા પાસે બેઠા હતા. તે દરમિયાન આરોપી દારૂ પીધેલ હાલતમાં મો.સા. લઈ આવ્યો હતો અને તેમને તથા સાહેદોને બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે તમોને જાનથી મારી નાખવા છે તેમ કહી તેમના નાનાભાઈને લાફો મારી, ઝપાઝપી કરીને ગાળો બોલી જાનથી મારી નાખવો છે તેમ કહ્યું હતું. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ જે.કે.ડામોર વધુ તપાસ કરી રહ્યા છે.

# SBI કસ્ટમર કેર અધિકારીની ખોટી ઓળખ આપી ૯.૯૩ લાખ ઉપાડી લીધા

## રાજુલામાં રહેતો પરપ્રાંતીય પુરુષ ભોગ બન્યો

રાજુલા, તા.૫

અમરેલી જિલ્લામાં પોલીસ સાયબર ક્રાઈમની ઘટનાઓ રોકવા જાગૃતિ કાર્યક્રમો યોજી રહી છે તેમ છતાં લોકો ઠગોની માયાજાળમાં ફસાઈ રહ્યા છે. રાજુલામાં રહેતા એક પરપ્રાંતીય પુરુષને એસબીઆઈ કસ્ટમર કેરના અધિકારી તરીકેની ખોટી ઓળખ આપી રૂ. ૯,૯૩,૨૯૯નો ચૂનો લગાવ્યો હતો.

બનાવ અંગે રામ પવિત્ર રામ (ઉ.વ.૫૧)એ અજાણ્યા મોબાઈલ ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, કોઈ અજાણ્યા વ્યક્તિએ SBI નાં કસ્ટમર કેર અધિકારીની ખોટી ઓળખ આપી તેમને વિશ્વાસમાં લઈ મોબાઈલ ફોનમાં વોટ્સએપમાં Banking Update.apk નામની ફાઈલ મોકલી એપ્લીકેશન ડાઉનલોડ કરાવી તેમની જાણ બહાર બદદાનતથી જુદી જુદી રકમનાં ટ્રાન્જેક્શન કરી ખાતામાંથી કુલ રૂ.૯,૯૩,૨૯૯/- ઉપાડી લીધા હતા. અમરેલી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના પી.આઈ. વી.એમ.કાલોદરા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાં આધેડનું હાર્ટ એટેકથી મોત

## સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ એન. બી.ગોહીલ વધુ તપાસ કરી રહયા છે

અમરેલી, તા.૫

અમરેલીમાં કાળઝાળ ગરમી પડી રહી છે. જેના કારણે હાર્ટ એટેકના કેસ વધ્યા છે. આ દરમિયાન એક આધેડનું હાર્ટ એટેકથી મોત થયું હતું. પાર્થભાઈ ધીરૂભાઈ ચાવડા (ઉ.વ.૨૫)એ જાહેર કર્યા મુજબ, તેમના પિતા ધીરૂભાઈ મંગલભાઈ ચાવડા (ઉ.વ.૫૭) રીક્ષા ડ્રાઈવિંગ કરતા હતા. રીક્ષા ચલાવી અમરેલી સરદાર ચોકમાં પેસેન્જર ઉતાર્યા બાદ અચાનક ચકકર આવી ગયા હતા. જે બાદ અમરેલી સિવિલ હોસ્પિટલમાં લઈ જતાં ફરજ પરના ડોકટરોએ તપાસી હાર્ટ એટેકનો હુમલો આવવાના કારણે મરણ પામ્યાનું જાહેર કર્યુ હતું.

# કોલડા ગામે પતિ-પત્નીનું ઝેરી ટીકડાં પીતાં સારવારમાં મોત

## ગામમાં શોકનો માહોલ છવાઈ ગયો

વડિયા, તા.૫

વડિયાના કોલડા ગામે રહેતા એક પતિ-પત્નીએ ઝેરી ટીકડા પી લીધા હતા જેને લઈ સારવારમાં ખસેડાયા હતા જ્યાં સારવારમાં મોત થયું હતું. બનાવ અંગે સુરેશભાઈ નાનજીભાઈ સોંદરવા (ઉ.વ.૪૪) એ જાહેર કર્યા મુજબ, તેના પિતા નાનજીભાઈ ભીખાભાઈ સોંદરવા (ઉ.વ.૭૫) તથા માતા જીવતીબેન નાનજીભાઈ ભીખાભાઈ સોંદરવાએ ટીકડા પી લેતા મોત થયુ હતું. પિતાને છેલ્લા દસ વર્ષથી માનસિક બીમારી હતી જેની દવા ચાલુ હોય તેમ છતા સારૂ થતું નહોતું. તેમજ માતાને બંને પગના ગોઠણમાં છેલ્લા છ માસથી દુઃખાવો હોય અને તેની દવા ચાલુ હોય તેમ છતાં સારૂ થતુ નહોતું. તેમજ તેમની બંને દિકરીઓ નાની ઉંમરે વિધવા થયેલ હોય તેમજ તેમને કોઈ કામ ધંધો ચાલતો નહોતો. જેથી આ બાબતે લાગી આવતા બંનેએ ઝેરી ટીકડાંઓ પી' જતા સારવાર દરમિયાન મોત થયું હતું.

# આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિઃ તેરસ
તા. ૦૬-૦૫-૨૦૨૪, સોમવાર, સૂર્યોદય-૦૫:૩૬,
સૂર્યાસ્ત-૦૬:૫૯, જૈન નવકારશી-૮-૧૦
નક્ષત્રઃ રેવતી

## દૈનિક રાશિફળ

તા.૦૬-૦૫-૨૦૨૪ સોમવાર

મેષઃ આજે તમામ કામ પૂર્ણ મહેનતથી કરશો, જેના કારણે દિવસભર લાભની તકો મળશે. પરંતુ કામમાં નવી તાજગી પણ આવશે.

વૃષભઃ કૌટુંબિક ખર્ચામાં વધારો થવાને કારણે તમે દબાણનો અનુભવ કરી શકો છો. વિદ્યાર્થીઓને શિક્ષણ ક્ષેત્રે કેટલીક અડચણોનો સામનો કરવો પડી શકે છે.

મિથુનઃ ધંધાના મામલામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની સંભાવના છે. રોજિંદા કાર્યોથી આગળ કંઈક નવું કરવાનો પ્રયાસ કરો.

કર્કઃ કાર્યક્ષેત્રમાં આજે તમારું ધ્યાન નવી યોજનાઓ પર કેન્દ્રિત રહેશે અને તમને અધિકારીઓનો પૂરો સહયોગ પણ મળશે.

સિંહઃ ઉતાવળમાં કોઈ કાર્ય કરવાનું ટાળો, નહીં તો મુશ્કેલી વધી શકે છે, અધિકારીઓ સાથેના સંબંધો સુધરશે અને રોજગારની સ્થિતિમાં સુધાર થશે.

કન્યાઃઆજનો દિવસ સામાન્ય રહેશે. ભાગીદારીમાં કરવામાં આવતા ધંધામાં ઘણો ફાયદો થશે.પરંતુ સ્વાર્થને લીધે લોકો તમારી ભૂલને અવગણી શકે છે.

તુલાઃ આજે તમારી આસપાસનું વાતાવરણ હળવું બનશે. દિવસના પહેલા ભાગમાં થોડી મૂંઝવણ રહેશે, જેના કારણે મન પરેશાન થઈ શકે છે.

વૃશ્ચિકઃ આજે તમારા સ્વાસ્થ્ય પ્રત્યે ખાસ ધ્યાન રાખશો. ધૈર્ય અને તમારા નરમ વર્તનથી ઘરની સમસ્યાઓ સુધારી શકાય છે.

ધનઃ ધંધામાં ઝડપથી નિર્ણયો નહીં લેવાને કારણે કોઈ અવરોધ અથવા નુકસાન થઈ શકે છે. કાર્યક્ષેત્રમાં મોટાભાગની યોજનાઓ સફળ થશે.

મકરઃ આજનો દિવસ તમારા માટે ફાયદાકારક રહેશે, કોઈ મોટું કામ કરતા પહેલાં અનુભવી લોકો સાથે સલાહ લેવાનું નિશ્ચિત કરો.

કુંભઃ વ્યસ્તતા દિવસભર રહેશે પરંતુ ધાર્મિક કાર્યો માટે સમય કાઢશો. જીવનસાથી તમને કાર્યક્ષેત્રમાં દગો આપી શકે છે, તેથી કાળજીપૂર્વક કામ કરો.

મીનઃ આર્થિક મામલામાં સ્પષ્ટતાના અભાવને કારણે કોઈ પ્રિયજન સાથે વિવાદ થઈ શકે છે. પરસ્પર વાટાઘાટો, વ્યવહારમાં સંયમ અને સાવચેતી રાખવી.

# ખાંભાના વાકીયા ગામે પાણી મુદે કુટુંબી મહિલાઓ બાખડી: સામસામી ફરિયાદ

ખાંભા, તા.૫

ખાંભાના વાકીયા ગામે પાણી મુદ્દે મહિલાઓમાં બબાલ થઈ હતી. નયનાબેન ભીખાભાઈ પરમાર (ઉ.વ.૩૬)એ બાબુભાઈ ભીખાભાઈ પરમાર, જયાબેન બાબુભાઈ પરમાર, કોમલબેન બાબુભાઈ પરમાર સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમના ઘરે વાપરવાનું પાણી નહી હોવાથી તેમણે બાબુભાઈને પાણી નાખવાનું કહેતા સારૂ નહોતું લાગ્યું અને અચાનક ઉશ્કેરાઈને તેમના માતાને ગાળો દેતા ગાળો દેવાની ના પાડી હતી. જે બાદ ત્રણેય આરોપીએ તેમની માતા, સાહેદને ઢીકાપાટુનો આડેધડ માર માર્યો હતો. ઉપરાંત ફળિયામાં પડેલ નળીયા તથા પાણાના ઘા મકાન પર કર્યા હતા. ઉપરાંત તેમના વાળ પકડી નીચે પછાડી ઢીકાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી હતી. બાબુભાઈ ભીખાભાઈ પરમાર (ઉ.વ.૪૭)એ શારદાબેન તથા નયનાબેન ભીખાભાઈ પરમાર સામે નોંધાવેલી ફરિયાદ મુજબ તેમના મકાનનું કામ ચાલુ હતું અને પાણીની જરૂર હોવાથી તેના નાના ભાઈના ઘરે બળદગાડુ લેવા જતા ના પાડી હતી. જેથી તેમણે મારે બળદગાડાની જરૂર છે જેથી હું લઈ જઈશ તેમ કહેતા ઉશ્કેરાઈને ગાળો દેવા લાગ્યા હતા. ઉપરાંત ઢીકાપાટુનો માર માર્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એન.પી.સોલંકી વધુ તપાસ કરી રહ્યા છે.

# ફુલઝરમાં માનવસેવા હોસ્પિટલ ટીબીનાં લાભાર્થે મહારક્તદાન કેમ્પ યોજાશે

બાબરા, તા.૫

બાબરા તાલુકાના ફુલઝર ગામે માનવસેવા હોસ્પિટલનાં લાભાર્થે આજે એક ભવ્ય રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. ફુલઝર ગામના આંગણે ખૂબજ પુરાતન એવું શ્રી ભીડભંજન મહાદેવનું મંદિર જીર્ણ થતાં ગ્રામજનોનાં સહિયારા પ્રયાસથી તેનું સંપૂર્ણ નવું બાંધકામ કરી આબેહૂબ નકશીવાળું પથ્થરનું દિવ્ય મંદિર નવનિર્માણ કરવામાં આવ્યું છે. આ શિવ પરિવારની સઘળી નૂતન મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવનું સુંદર આયોજન ૦૬/૦૫/૨૪ ને સોમવારે યોજાશે. સદગુરૂ સ્વામી ભોલાનંદ સરસ્વતીજી મહારાજનાં વરદ હસ્તે મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવશે અને પૂજ્ય સ્વામી અમૃતવાણીનો લાભ આપશે. આ તકે યોજવામાં આવેલ મહારક્તદાન કેમ્પમાં મોટી સંખ્યામાં સત્સંગીઓ બ્લડ ડોનેટ કરી માનવ ધર્મ નિભાવશે.

# બગસરા પંથકમાં યુવતીના પરિવારજનોને જાનથી મારી નાખવાની ધમકી આપી દુષ્કર્મ આચર્યુ

બગસરા, તા.૫

બગસરા પંથકમાં એક યુવતી સાથે જુના વાઘણીયા ગામના યુવકે નવા મકાનના બાંધકામ કરવા બહાને પરિચય કેળવ્યો હતો. જે બાદ તે એકલી હતી ત્યારે તેના પરિવારજનોને જાનથી મારી નાખવાની ધમકી આપી દુષ્કર્મ આચર્યુ હતું અને લગ્ન નોંધણી કરાવી ઘરે પણ મૂકી ગયો હતો. આ અંગે પીડિતાએ જુના વાઘણીયા ગામના દિપકભાઈ મનુભાઈ ચૌધરી સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, પીડિતાના નવા મકાનના બાંધકામ કરવાના બહાને આરોપીએ પરિચય કેળવ્યો હતો. તે ઘરે એકલી હતી તે વખતે ઘરે આવી તેના પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપી રૂમમાં પકડી લઈ જઈ બળાત્કાર ગુજાર્યો હતો અને ત્યારબાદ જાનથી મારી નાખવાની ધમકી આપી અમરેલી સેવા સદન ખાતે લગ્ન નોંધણી કરાવી બાદ ઘરે પરત મૂકી ગયો હતો. જે બાદ ફરીવાર તે ઘરે એકલા હોય ત્યારે છરી બતાવી પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપી ગાડીમાં બેસાડી અપહરણ કરી સોમનાથ ખાતે આવેલ ગેસ્ટ હાઉસોમાં લઈ ગયો હતો તથા કોડીનારના વિરાટનગર સોસાયટીમાં મકાન ભાડે રાખ્યું હતુ ત્યાં પણ અવાર-નવાર બળાત્કાર કર્યો હતો. બગસરા પોલીસ સ્ટેશનના પીએસઆઈ ડી.ડી.ડાંગર વધુ તપાસ કરી રહ્યા છે.

# જિલ્લામાં અકસ્માતની વધુ ત્રણ ઘટના: બે ફોર વ્હીલની ટક્કરમાં એક વ્યક્તિનું મોત

અમરેલી, તા.૫

અમરેલી જિલ્લાના રોડ રસ્તા રક્તરંજિત થવાનો સિલસિલો યથાવત છે. જિલ્લામાં વાહન અકસ્માતની વધુ ત્રણ ઘટના નોંધાઈ હતી. જેમાં બે ફોર વ્હીલની ટક્કરમાં એકનું મોત થયું હતું. જૂનાગઢના વિસાવદરના ભલગામ ખાતે રહેતા મનસુખભાઈ જીવરાજભાઈ હીરપરા (ઉ.વ.૬૯) એ જીજે-૧૪-બીસી-૦૩૭૫ નંબરના ચાલક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમનો ભાઈ રમણીકભાઈ માણેકવાડા બીલખા ચોકડીથી આગળ ઈંટોના ભઠ્ઠા પાસેથી પસાર થતા હતા ત્યારે ટક્કર મારીને ફરાર થઈ ગયો હતો. ધારીના દલખાણીયા ગામે રહેતા લાલજીભાઈ દેવાભાઈ રાઠોડ (ઉવ.૪૪)એ જીજે-૦૧-આરઝેડ-૬૬૨૪ નંબરની ફોર્ચ્યુનર ફોરવ્હીલના ચાલક સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, દેવળા અને નાગધ્રા ચોકડી વચ્ચે આરોપીએ તેની કાર જીજે-૧૧-એબી-૨૭૨૬ નંબરની સેન્ટ્રો સાથે અથડાવી હતી. જેમાં એકનું મોત થયું હતું. અકસ્માત સર્જી ચાલક ફરાર થઈ ગયો હતો. વડિયાના ઈશ્વરીયા ગામે રહેતા મંગળુભાઈ વાલેરાભાઈ વાળા (ઉ.વ.૪૦)એ જીજે-૦૩-એટી૦૦૭૦૮ના ચાલક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીએ તેનો ટ્રક પૂરઝડપે ચલાવી ઈકો કાર નંબર જીજે-૦૨-બીડી-૬૨૯૬ સાથે ભટકાવ્યો હતો. જેમાં મુંઢ ઈજા થઈ હતી.

તંત્રી લેખ

# રાષ્ટ્રના આર્થિક વિકાસના સોપાન

આજે જ્યારે ૨૦૨૪ ની ચૂંટણી ચાલી રહી છે ત્યારે આપણા દેશે આર્થિક ક્ષેત્રે વિકાસના કેવા સોપાન સર કર્યા છે તે જાણવું જરૂરી છે. આજે ભારતની જીડીપી પાંચમા નંબરે છે અને ખરીદશક્તિની દૃષ્ટિએ દેશ ચોથા નંબરે છે આ સ્થિતિએ રાતોરાત નથી પહોંચાયું. અહીં પહોંચતા ભારતને સાડા સાત દાયકા લાગ્યા છે. આઝાદી પછી ૧૯૪૮માં પહેલી વખત સ્વતંત્ર ભારતની આર્થિક નીતિનો પ્રસ્તાવ રજૂ થયો હતો. આજની સ્થિતિએ પહોંચવા માટેનું એ પહેલું પગથિયું હતું. ધ ઈન્ડસ્ટ્રિયલ પૉલિસી રિઝોલ્યુશનમાં ભારતે મિશ્ર આર્થિક નીતિ અપનાવવાનું નક્કી કર્યું હતું. સ્વતંત્ર ભારતનું પ્રથમ બજેટ ૨૬મી નવેમ્બર, ૧૯૪૭માં દેશના પ્રથમ નાણામંત્રી આર.કે. શન્મુખમ શેટ્ટીએ રજૂ કર્યું એ સાથે ભારતના લોકો માટે કલ્યાણકારી યોજનાઓનો સત્તાવાર પ્રારંભ થયો. ૧૫મી માર્ચ, ૧૯૫૦ના રોજ પ્લાનિંગ કમિશનની રચના થઈ. એના નેતૃત્વમાં દેશમાં પંચવર્ષીય યોજનાઓનો આરંભ થયો. પ્રથમ પંચવર્ષીય યોજના ૧૯૫૧-૧૯૫૬ના વર્ષ માટે લાગુ થઈ. એ પછી પ્લાનિંગ કમિશનના નેજા હેઠળ ૨૦૧૭ સુધી ૧૨ પંચવર્ષીય યોજનાઓ લાગુ થઈ. પંચવર્ષીય યોજનાઓએ ભારતીય અર્થતંત્રમાં આર્થિક-સામાજિક એમ બંને ક્ષેત્રમાં ખૂબ મહત્વનો ભાગ ભજવ્યો હતો. ૨૦૧૫થી પ્લાનિંગ કમિશનનું સ્થાન નવા બનેલા નીતિ આયોગે લીધું છે. બીજી પંચવર્ષીય યોજના દરમિયાન ભારતમાં એક અગત્યનું પરિવર્તન થયું. ભારતના મહાન આંકડાશાસ્ત્રી પ્રશાંતચંદ્ર મહાલનોબિસના નેતૃત્વમાં ઈન્ડિયન સ્ટેટિસ્ટિકલ ઈન્સ્ટિટ્યૂટની સ્થાપના થઈ. તેમણે સરકારને એક મોડેલ આપ્યું, જે ભવિષ્યમાં ખૂબ જ ઉપકારક સાબિત થવાનું હતું. એ હવે મહાલનોબિસ મોડેલના નામથી ઓળખાય છે. એમાં આર્થિક ક્ષેત્રના નવીનીકરણનો પ્રસ્તાવ હતો. નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં મહત્વના સુધારા થયા, ૨૦૧૫માં બ્લેક મની બિલ પસાર થયું તેમાં કાળું નાણું પાછું લાવવા માટે સરકારે નિયમો કડક બનાવવા બ્લેકમનીને ડામવા અને આતંકવાદમાં ભારતીય કરન્સીની નકલી મોટી નોટોનો બેફામ ઉપયોગ ડામવા માટે આઠમી નવેમ્બર ૨૦૧૬ ના રોજ મોદીએ નોટબંધીની ઐતિહાસિક જાહેરાત કરી, ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની નોટ બંધ થઈ. મોદી સરકારે ટેક્સની વ્યવસ્થા સમૂળગી બદલી નાખી. ૨૦૧૬ માં ગુડસ એન્ડ સર્વિસ ટેક્સ જીએસટીનું બિલ પસાર થયું એ સાથે જ એક દેશમાં એક ટેક્સની નીતિ અમલી બની. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ નીચેની આર્થિક નીતિ અંગેની વિકાસ નીતિ અમલી બની અને પરિણામે આજે ભારતની જીડીપી પાંચમાં નંબરે છે જે આપણા માટે ગૌરવની વાત છે.

# દરિયાઈ શેવાળ રોજગારીનું સૌથી મોટું ક્ષેત્ર બની શકે તેમ છે

આપણા સૌરાષ્ટ્રમાં કચ્છ, દ્વારકા, પોરબંદર, જાફરાબાદ સહિતના અમરેલી જિલ્લાના દરિયા કિનારા પર માછીમારીનો ધંધો મોટા પાયા પર ચાલે છે આ ઉપરાંત મીઠા ઉદ્યોગ પણ ખૂબ જ વિકસિત થયો છે, પરંતુ આ સિવાયનું એક સૌથી મોટું ક્ષેત્ર દરિયાઈ લીલ અને આલ્ગીની ખેતી છે જે આ બંને ક્ષેત્રો કરતાં વધુ વિકસિત થઈ શકે તેમ છે. લીલની ખેતીથી આપણા દરિયા કિનારા પર વસતા લોકોનું આર્થિક જીવન ધોરણ માની ન શકાય તેટલું ઊંચું આવી શકે તેમ છે. આ માટે દરિયાઈ શેવાળ અને આલગીની ખેતી વિશે વિચાર કરવો અત્યંત જરૂરી છે જેથી અલ્પવિકસિત સોમનાથ અને અમરેલી જિલ્લાના દરિયા કિનારાના લોકો આર્થિક રીતે સધ્ધર બની શકે તેમ છે. દરિયાઈ શેવાળ અને તેના કેમિકલ્સ વિશેનું સંશોધન ભાવનગરની સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરીન કેમિકલ્સ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટમાં થાય છે અને આ સંશોધન સંસ્થા માત્ર દેશમાં નહીં પણ ઈન્ટરનેશનલ લેવલે પણ અત્યંત મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. સામાન્ય સમજ એવી છે કે લીલ હંમેશા લીલા રંગની હોય છે પરંતુ દરિયામાં લાલ રંગની લીલ પણ થાય છે અને તે અત્યંત મહત્વપૂર્ણ રોજગારીનું માધ્યમ બની શકે તેમ છે.

ભાવનગરના સેન્ટર સોલ્ટ એન્ડ મરીન કેમિકલ્સ રિસર્ચમાં લીલ, શેવાળ જેને અલગી કહેવામાં આવે છે તેનું મોટા પાયા પર સંશોધન વર્ષોથી ચાલી રહ્યું છે આનાથી અનેક નવા સંશોધનો અમલમાં આવ્યા છે. દરિયાની અંદર ખારા પાણીની અંદર પણ લીલ થાય છે આ લીલ જો પાણીની અંદર હોય તો તે રંગવિહીન હોય તે લીલા રંગની હોતી નથી કારણ કે સમુદ્રના પાણીની અંદર તેને સૂર્યપ્રકાશના ફોટો સેંથેસિસની જરૂર પડતી નથી આથી તેનો રંગ લીલો નહીં પરંતુ ભૂખરો હોય છે. આપણા સરોવરો અને નદીના પાણી વહેતા હોય ત્યારે તેમાં પણ લીલ થાય છે, ચોમાસાની અંદર વરસાદના પાણી જ્યારે દિવાલો પર ઉતરે છે ત્યારે દિવાલ પર પણ લીલ થાય છે. સામાન્ય માન્યતા એવી છે કે લીલ એટલે લીલો રંગ. લીલ હંમેશા લીલા રંગની જ હોય તેવી મોટાભાગના લોકોની માન્યતા છે પરંતુ આ લીલ લાલ રંગની પણ હોઈ શકે છે.



લીલ અને શેવાળ પરસ્પરના પર્યાય તરીકે વપરાતા શબ્દો છે. પરંતુ લીલ અને શેવાળ વૈજ્ઞાનિક દૃષ્ટિએ સમાન નથી. લીલને અંગ્રેજીમાં આલ્ગી કહેવાય છે જ્યારે શેવાળ મોસ તરીકે અંગ્રેજીમાં પ્રચલિત છે. દૈહિક આયોજનની દૃષ્ટિએ જોઈએ તો લીલના શારીરિક બંધારણમાં કોઈ પ્રકારની પેશી હોતી નથી જ્યારે શેવાળ પ્રાથમિક પેશીનો બનેલો દેહ ધરાવે છે. લીલ પાણીમાં તેમજ ભેજ જનક વાતાવરણમાં વસવાટ કરે છે જ્યારે શેવાળ ક્યારેય પાણીમાં હોતી નથી. જૂની પડતર દિવાલ પર ચોમાસામાં લીલા રંગની મખમલી ચાદર જોવા મળે તે શેવાળ છે. લગભગ એક કરોડ વર્ષ પહેલા ભૂસ્તરીય યુગ પ્રોટિરોઝૂઈક દરમિયાન લીલ અસ્તિત્વમાં આવી. મોટે ભાગે આ લીલ લીલા રંગની હતી જેને આજના આપણા જંગલોની પૂર્વજ ગણી શકાય પરંતુ ત્યાર બાદ જે લીલ અસ્તિત્વમાં આવી તે લાલ રંગની તેમજ બદામી રંગની પણ હતી. લીલી લીલ, લાલ લીલ અને બદામી લીલ આજે પણ આપણને જોવા મળે છે. જેમાંની લાલ લીલ સમુદ્રમાં તેમજ મીઠા પાણીમાં રહેલી છે. મીઠા પાણીમાં જોવા મળતી લાલ લીલ તરીકે બેટ્રેકોસ્પર્મમ આજે પણ પ્રખ્યાત છે. દરિયામાં રહેલી લાલ લીલ કરતાં મીઠા પાણીની લાલ લીલ પ્રમાણમાં ઓછી છે.


વનસ્પતિ શાસ્ત્રીઓએ લાલ લીલ માટે અલગ સમૂહ બનાવી તેને રહોકોફાયસી નામ આપેલ છે. વનસ્પતિમાં જોવા મળતો લીલો રંગ તેમાં રહેલ ક્લોરોફિલ નામના હરિતદ્રવ્યને આભારી છે જ્યારે લાલ લીલમાં ક્લોરોફિલ ઉપરાંત ફાઈકોઈરીથ્રીન નામનું વિશિષ્ટ દ્રવ્ય છે. જે તેના લાલ રંગ માટે કારણભૂત છે. લાલ લીલની સેલ્યુલોઝ ઉપરાંત પેક્ટીન અને પોલીસલ્ફેટની બનેલી છે. વધુમાં લાલ લીલ ખોરાક તરીકે સ્ટાર્ચ ઉપરાંત ફલારિડીન નામનું દ્રવ્ય બનાવી તેનો સંગ્રહ પણ કરે છે. લાલ લીલની અન્ય ખાસિયત એ છે કે તેના શારીરિક બંધારણમાં તંતુઓ ધરાવતો એક પણ કોષ હોતો નથી.

પ્રાસંગિક

સુરેશ દેસાઈ

દરિયામાંથી આશરે સાતેક હજાર જાતિની લાલ લીલ મળી આવી છે જેમાં ગ્રાસિલારિયા, જીલિડિયમ, પલ્મારિઆ, પોલિસાઈફોનીઅ, મઝીલા, માઈક્રોક્લેડિઆ જેવી અનેક્નો સમાવેશ થાય છે. લાંબા સમય સુધી આપણે લાલ લીલને દરિયામાં રહેલી નીંદણ સમજતા પરંતુ સમય જતાં લાલ લીલનું મહત્ત્વ પણ સમજ્યા. દરિયાઈ નિવસન તંત્રનો લાલ લીલ મુખ્ય પાયો ગણી શકાય. ઉપરાંત પરવાળાના વિકાસ માટે પણ લાલ લીલ મુખ્ય ભાગ ભજવે છે. લાલ લીલનો પ્રાથમિક ઉપયોગ આજે વૈજ્ઞાનિક સુવિધા પ્રાપ્ત થતાં લાલ લીલના રાસાયણિક ઘટકો જાણી શકાયા. જેને લીધે તેનું મહત્ત્વ ઔદ્યોગિક વિકાસ માટે પણ સમજાયું. આજે ચીન, જાપાન અને કોરિયા લાલ લીલનું સંરક્ષણ કરી ઉત્પાદન વધારે છે. આપણા ભાવનગરમાં પણ લીલ અને આલગી વિશે સેન્ટ્રલ શોલ્ટ એન્ડ મરીન કેમિકલ્સ રિસર્ચ ઈન્સ્ટિટયૂટમાં સંશોધનો ચાલી રહ્યા છે જેના સારા પરિણામો આવ્યા છે અને તે અનેક લોકોને રોજગારી પૂરી પાડે છે. આ ટેકનોલોજી માત્ર દેશમાં નહીં પણ વિદેશમાં પણ લોકપ્રિય બનતી જાય છે. આપણા ખંભાતના અખાતમાં પણ ચોક્કસ પ્રકારની આલગી થાય છે તેમાં કયા કયા કેમિકલ્સ છે તે ભાવનગરમાં સંશોધન કરવામાં આવી રહ્યું છે. લાલ લીલમાંથી ખાસ કરીને અગર-અગર નામનું દ્રવ્ય મેળવવામાં આવે છે. ઉપરાંત તેમાં આલ્જીનેટ અને એગેરોઝ નવું પણ રહેલા છે. આ દ્રવ્યો ડેરી ઉદ્યોગમાં, આઈસ્ક્રીમની બનાવટમાં, ટેક્સટાઈલ ઉદ્યોગમાં ભરપૂર માત્રામાં આજે વપરાય છે. કૃષિ ઉદ્યોગમાં તેમાંથી બાયો ફર્ટિલાઈઝર મેળવવામાં આવે છે. જેના ઉપયોગ વડે આપણું અનાજનું ઉત્પાદન વધે છે. આ ઉપરાંત પ્રયોગશાળામાં બેક્ટેરિયાની વૃદ્ધિ માટે તે ખૂબ જ મહત્ત્વનું માધ્યમ બને છે. લાલ લીલમાં પોટેશિયમ, મેગ્નેશિયમ, ફોસ્ફેટ, આર્યન, કેલ્શીયમ અને સલ્ફર જેવા ખનીજ દ્રવ્યો પણ રહેલા છે. આથી જાપાનના લોકો તો તેને કાચી જ ખાય છે. લાલ લીલનો સૂપ બને છે જે અનેક પોષક તત્ત્વોથી ભરપૂર છે. જ્યારે સલાડને સુશોભિત કરવામાં પણ હવે તેનો ઉપયોગ થતો રહ્યો છે. ભારતમાં સૌથી લાંબો દરિયા કિનારો ગુજરાત પાસે છે. દરિયાઈ રાષ્ટ્રીય ઉદ્યાન તરીકે કચ્છનો અખાત જાણીતો છે જેમાં અનેક પ્રકારની લાલ લીલ વિકાસ પામે છે. દરિયા કિનારા પર વસવાટ કરતા યુવાનો માટે લાલ લીલ મોટો રોજગાર પૂરો પાડી શકે તેમ છે. સરકારી પરવાનગી લઈને દરિયાકાંઠે મીઠાના અગરની જેમ લાલના ક્યારા બનાવી શકાય તેમ છે જેને માટે મોટો આર્થિક ફાયદો થાય કારણ કે અનેક ઔદ્યોગિક ઉત્પાદનોને લાલ લીલમાંથી મળતા રસાયણિક ઘટકોની મોટા પ્રમાણમાં જરૂર પડે છે આજે આપણે લાલ લીલનો ઉછેર કરીએ તો યુવાનોને રોજગારીની નવી દિશા મળે.

# જીવનમાં ખોટી જીદ છૂટી જાય તો બધા સંબંધ સચવાઈ જાય !







જીવનમાં બધું મારું ધાર્યું થાય એવી ખોટી જીદ નહિ રાખવાની, ઘણું એવું પણ થશે જે પસંદ નહિ હોય પણ ભાગ્યમાં લખ્યું હશે. આવું સુવાક્ય વાચવું ગમે અને સાંભળવું પણ ગમે, પરંતુ જ્યારે ખરેખર આપણું ધાર્યું કામ ન થાય ત્યારે મન મનાવવું ખૂબ અઘરું છે. પરીક્ષામાં ધારેલા માર્ક ના આવે ત્યારે વિદ્યાર્થી હતાશ થાય છે, સાંજ પડે ને ધારેલો વેપાર ના થાય ત્યારે વેપારી હતાશ થાય છે. ઘર કે કુટુંબમાં મુખ્ય વ્યક્તિનું કહ્યું કોઈ ના કરે ત્યારે તે નારાજ થાય છે. નવા નવા સગા બનેલા વેવાઈને એકબીજા પ્રત્યે ખૂબ જ સ્નેહ, લાગણી અને લગાવ હોય છે પણ જ્યારે પ્રસંગોની તારીખ નક્કી કરવામાં એકબીજાનું ધાર્યું ના થાય તો મનમાં થોડો રંજ રહી જાય છે. પતિ -પત્ની, પિતા- પુત્ર, ગુરુ- શિષ્ય કે ભાઈ – ભાઈ વચ્ચેના સબંધોમાં સામાન્ય રીતે ખૂબ સારો તાલમેલ હોય છે. પણ જ્યારે કોઈ સામાન્ય બાબતને લઈને કોઈ એક પાત્ર જીદ પકડે છે ત્યારે બીજા પાત્રમાં લગાવ ઘટે છે. વારંવારની ખોટી જીદથી લાંબા ગાળે સબંધોમાં તિરાડ પડતી જાય છે. ઘણીવાર તો મિત્રો કે સ્વજનોની બેઠકોમાં સાવ ફાલતુ ચર્ચામાં સામસામે દલીલો થઈ હોય એમાં કોઈ એક તરફી મંતવ્યને લઈને જીદ પકડી રાખે અને બહસ થાય ત્યારે સંબંધો કરતા જીદને મહત્વ આપનાર એમના વર્તુળમાં અપ્રિય થઈ જાય છે. ક્યારેક ક્યારેક તો મામૂલી વાતમાં સામસામી એકબીજાની જીદના કારણે હસવામાંથી ખસવું થઈ જાય છે. અને સબંધો તૂટવા સુધીની નોબત આવી જાય છે. સબંધો સહેલાઈથી બંધાય છે પણ તેને કાયમી નિભાવી રાખવા ખૂબ અઘરું અને આકરું કામ છે.

જીદનું વાહક જીભ છે. જીભમાં હાડકું હોતું નથી પણ એજ જીભ જીદે ચડે તો માણસના હાડકા ભંગવી નાખે છે. જીવનમાં જીદ છોડીને જતુ કરવાની ભાવના રાખવામાં આવે તો જ સંબંધો જળવાઈ રહે છે. કેમકે દુનિયાના દરેક સંબંધોમાં દરેકે એકબીજાની કેટલીક બાબતો કે વર્તણુકને બરદાસ્ત કરવી પડે છે, સહન કરવી પડે છે. જો એમ કરવાના બદલે જીદ પકડી રાખીશું તો ધીમે ધીમે એક પછી એક સંબંધ શુષ્ક બનતા જશે અને એક સમય એવો આવે કે કોઈ સાથ આપવાવાળું વધતું નથી. નજીકના પણ ધીમે ધીમે દૂર થઈ જાય છે. રામાયણમાં રાણી કૈકઈની જીદ, મહાભારતમાં દ્રૌપદી અને દુર્યોધન બન્નેની જીદ કેવા કેવા લોહિયાળ જંગમાં ફેરવાયા અને કુટુંબનો સ્નેહ સંઘર્ષમાં ફેરવાયો એ સૌ જાણે છે.

મનન ચિંતન



ભરત બાવીશી

જો સામસામી જીદ કરવાના બદલે એકબીજાએ જતુ કર્યું હોત તો મહાભારતનું યુદ્ધ રોકી શકાયું હોત. ઘર, કુટુંબ, સગા સંબંધી કે મિત્ર વર્તુળ હોય કે પછી ધંધા નોકરીના સ્થળે જેની સાથે કાયમ માટે સાથે કામકાજ કરવાનું થતું હોય ત્યારે એકબીજાના વિચાર, વાણી, વર્તન કે સ્વભાવ સરખા નથી હોતા. આવા સંજોગોમાં એકબીજાની નાની મોટી સ્વભાવગત ભૂલો કે કામ કરવાની જાજી થોડી ક્ષમતાના લીધે ઉભી થતી ના ગમતી પરિસ્થિતિમાં ધીરજપૂર્વક સહન કરવાનું અને ઉતાવળે ઉગ્ર થવાનું ટાળવાથી એકબીજાના સાથેના સબંધો જળવાઈ રહે છે.

જો નાની નાની ભૂલોને પકડી રાખીને જીદ કરવામાં આવે તો સંબંધોમાં દરાર ઉભી થાય છે. ક્યારેક કોઈ નાની મોટી બાબતોને લઈને મતભેદ થાય તો જીદ કરીને આ મુદ્દો મનમાં પકડી રાખવાના બદલે જતુ કરીને ભૂલી જવાથી બગડેલા સંબંધ સુધારી શકાય છે. અને એકબીજા પ્રત્યે માન જળવાઈ રહે છે અને એટલે જ કહેવાય છે કે જીવનમાં જીદરૂપી ગાંઠ છૂટી જાય તો બગડેલા બધા સંબંધ સુધરી જાય છે અને હયાત સંબંધો સચવાય જાય છે. જીવનરૂપી ખેતરમાં જીદ રૂપી નિંદામણ દૂર કરવાથી સંબંધોનો મબલક પાક મેળવી શકાય છે.

# ભણીને નોકરી નહિ પણ ખેતીને આધુનિક બનાવી શકાય



વૈશાખી વાયરા વચ્ચે ખેતી કામની શરૂઆતનું મુહૂર્ત અક્ષય તૃતિયા -અખાત્રીજથી ધરતી અને ખેત ઓજારના પૂજનની પરંપરા હતી. આજની યુવા પેઢીએ પરંપરા જાળવી રાખવાની તાતી જરૂરિયાત છે.

ઉત્તર ગુજરાતના સાબરકાંઠા જિલ્લાના પ્રાંતીજ તાલુકાના સોનાસણા ગામના ૪૬ વર્ષિય ભણેલા-ગણેલા ખેડૂત અને ખેડૂત પુત્રની વાંચકો સમક્ષ વાત મૂકવી છે. ડીપ્લોમા ફાર્મસી સુધીનો અભ્યાસ કરનાર કલ્પેશભાઈ જગદીશભાઈ પટેલે ખેતીમાં પ્રગતિ કરી છે. ભણી-ગણીને આજે ખેડૂતના દિકરાઓને આજે ખેતીમાં રસ નથી. ખેતીમાં મહેનત-પરિશ્રમ છે, અનેક પડકારો છે. આમ છતાં ખેતી નિરંતર પ્રગતિ પર છે.

ઈતિહાસને ભલે તોડી-મરોડી નાખવામાં આવે પરંતુ મહાત્મા ગાંધીજીના ખેતી, ગ્રામોદ્યોગ, પશુપાલન, વાહનવ્યવહાર, પાયાની કેળવણી, આરોગ્ય, સ્વચ્છતા વિગેરે બાબતો પર આપણે ધ્યાન આપીને પ્રજાજનોએ વાસ્તવિકતા સમજાવવાની જરૂરિયાત છે.

કલ્પેશભાઈ અભણ અને અજ્ઞાની છે એટલે ખેતી કરે છે એવું નથી, તે ભણેલા-ગણેલા આધૂનિક ખેડૂત છે. પોતાની ૧૫ એકર જમીન છે. અભ્યાસ પછી મેડિકલ સ્ટોર્સ સાથે ખેતીમાં પૂર્ણ ધ્યાન આપે છે. આધુનિક વિજ્ઞાન, ટેકનોલોજીના સમન્વય સાથે પોતાની ૧૫ એકર જમીનમાં વર્ષ દરમ્યાન ત્રણ પાકોનું



વાવેતર કરીને સારૂ એવુ ઉત્પાદન મેળવે છે. ચોમાસા દરમ્યાન મગફળીનું વાવેતર કરે છે. કલ્પેશભાઈ કહે છે, હું છેલ્લા ચાર પાંચ વર્ષથી ક્રાંતિ વેરાઈટી મગફળીનું વાવેતર કરૂ છું. ૧ વિઘે ૩૫ થી ૪૦ મણ મગફળીનું ઉત્પાદન આપે છે. ગયા વર્ષે માર્કેટીંગ યાર્ડમાં ૧ મણનો ભાવ રૂ. ૧૭૮૦નો મળેલ. આ વેરાયટીની મગફળીના દાણા એક્સપોર્ટ થાય છે, એટલે સારો ભાવ મળે છે. શિયાળામાં બટાટાનું વાવેતર કરે છે. ઉત્તર ગુજરાતમાં બટાટાની ખેતી મોટાભાગે કોન્ટ્રાકટ ફાર્મિંગ આધારિત થાય છે. ગત શિયાળા દરમ્યાન કેનાબેક વેરાયટીના બટાટાનું વાવેતર કરેલ. જેનું વીઘે ઉત્પાદન ૫૩૬ મણ આવેલ. વાવેતર સમયે એડવાન્સ ભાવ રૂ.૨૨૫ રૂપિયા નક્કી થયેલ હતો. એક વિઘામાં ૧,૩૬,૮૮૦નું ઉત્પાદન ચાર મહિનામાં આવેલ જેમાં વિઘે ૫૦ હજારનો ખર્ચ થયેલ. જયારે ૧ વિઘે ૮૦,૦૦૦ જેવી આવક થઈ.

ઉનાળામાં કલ્પેશભાઈ મકાઈનું વાવેતર કરે છે. આધુનિક પશુઆહાર-ખોરાક-સાયલેજ(ચારો) તૈયાર કરીને સારી આવક મેળવી રહ્યા છે. પશુપાલકો અને ડેરી મારફતે સારુ વેચાણ કરે છે. કલ્પેશભાઈ કહે છે, લીલી મકાઈના ડોડામાં સારા દાણા બેસે એટલે ઓટોમેટીક હાર્વેસ્ટીંગ થાય છે. મજૂરોની જરૂર પડતી નથી. લીલી મકાઈનું ૬૦૦થી ૭૦૦ મણ ઉત્પાદન આવે છે. ૩૮૦૦૦ની આવક થાય જેમાં રૂ.૫૦૦૦ ખાતર, પાણી, બિયારણ, દવાનો ખર્ચ આવે છે. કલ્પેશભાઈએ નેચરલ સાયલેઝ કંપની ઉભી કરીને ખેડૂતોને બેઠા કરવાનું કામ શરૂ કર્યુ છે. ૧૫૦ જેટલા ખેડૂતો સાથે કોન્ટ્રાકટ ફાર્મિંગ કરીને ૧૦૦૦ થી પણ વધારે વિઘામાં મકાઈનું વાવેતર કરાવે છે. ખેડૂતોને બિયારણ, વાવેતર કંપની વિનામૂલ્યે કરી આપે છે. જયારે મકાઈનું હાર્વેસ્ટીંગ પણ વિનામૂલ્યે કરી આપે છે. આમ કલ્પેશભાઈ બીજા ખેડૂતોને પણ ઉપયોગી થઈ રહ્યા છે. પોતાની સાઈલેઝ કંપનીનું ટર્નઓવર ૭ થી ૮ કરોડનું હોવાનું કલ્પેશભાઈ જણાવી રહ્યા છે. આ સાઈલેઝ ચારો ૧૮ મહિના પેકિંગમાં લીલો રહે છે. કલ્પેશભાઈ સાયલેઝ માટે હાર્વેસ્ટીંગ, પેકિંગ મશીનરી વિદેશથી લાવેલા હતા. બાદમાં સાયલેઝ મશીનરી બનાવવાનું યુનિટ પણ શરૂ કર્યુ છે. આજે તેની મશનરી ભારત, નેપાલ, સાઉથ આફ્રિકાના દેશોમાં વેચાણ કરી રહ્યાં છે. આમ કલ્પેશભાઈએ ખેત વાવેતર પધ્ધતિ, વેલ્યુએડિશન પધ્ધતિ સહિત સમયની માંગ પ્રમાણે ખેતીમાં ફેરફાર કર્યા અને આજે સફળ ખેડૂત બન્યા છે. કલ્પેશભાઈ પટેલનો સંપર્ક નં. ૭૯૮૪૯૫૩૫૪૫ છે.

ઝાકળનું એક બિંદુ



હિરેન હિરપરા

## -:તિખારો:-

**લીમડા અને કારેલાના ગુણો કડવા છે. તેના ગુણોમાં એ કયારેય ફેરફાર કરતા નથી. ફક્ત માણસ એવો છે જે જરૂરિયાત મુજબ તેના વાણી, વ્યવહાર અને વર્તનમાં ફેરફાર કરે છે. માટે લીમડા અને કારેલા જેવા કડવા મિત્રો સારા, સાચુ કહેશે પણ દગો નહિ કરે.**

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI .No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# સાપ્તાહિક ખેતી કાર્યો



કપાસઃ ● કપાસનું આગોતરું વાવેતર ન કરવું.

● બિયારણ સસ્તું અને લેભાગુ પાસેથી લેવું નહિ. વિશ્વાસપાત્ર વેપારી પાસેથી બિયારણ લેવું.

● તમારા વિસ્તારમાં જે જાત સારું ઉત્પાદન આપતી હોય તે જાતનું બિયારણ ચોમાસા પહેલા મેળવી લેવું.

● કપાસનો પાક પૂરો થયા બાદ શેઢા-પાળા ઉપર રહેલ નિંદામણો તેમજ અન્ય બિનજરૂરી છોડનો નાશ કરવો. તેમજ પેરાથીયોન ભૂકી શેઢા-પાળા તેમજ જ્યાં ઢાંલીયા કીટક બેસે છે ત્યાં છંટકાવ કરવો.

**મગફળી** : ● ચોમાસાનો વાવણી લાયક વરસાદ થાય તે પહેલા જમીનમાં પિયત આપી ઓરવાણ કરી વરાપ થયે વાવેતર કરવામાં આવે છે તેને આગોતરૂ વાવેતર કહેવામાં આવે છે. સંશોધનના પરિણામો ઉપરથી ભલામણ કરવામાં આવેલ છે કે મે મહિનાનાં છેલ્લા અઠવાડિયામાં અથવા તો જૂન મહિનાનાં પ્રથમ અઠવાડિયામાં વાવેતર થઈ જાય તે રીતે ઓરવણું કરી વાવેતર કરવાથી વધારે ઉત્પાદન તથા આથિક ફાયદો થાય છે.

● મગફળી ઉપાડ્યા પછી તે જ બીજનું તુરત વાવેતર કરવું નહિ તેમનો ડોર્મંસી પીરીયડ પૂરો થયા પછી જ વાવેતર કરવું.

જમીનમાં ભેજનું પ્રમાણ અને શીદ્રતા જાળવી રાખવી. તે માટે આગલા પાકનાં ઝાડીયા-મૂળિયા, કાંકરા વીણી જમીનને ચોખ્ખી કરો.

● વધારે વહેલું વાવેતર કરવાથી સપ્ટેબર માસમાં જો વધુ વરસાદ થાય તો મગફળી તૂટી જવાથી આર્થિક રીતે નુકસાની થાય છે.

● જીજેજી -૩૨ નું વાવેતર શક્ય બને તો ૧૫ મે સુધીમાં ઓરવણું કરી વાવેતર કરવાથી ઉત્પાદન વધુ મળે છે.

**તલ :**

● હવામાનની પરિસ્થિતિને ધ્યાને રાખીને આગળની કાર્યવાહી કરવી.

● તલમાં કાપણી એ ખુબ જ અગત્યની કામગીરી છે કારણ કે સમય કરતા વહેલા તલ વાઢી લેવામાં આવે તો ઉત્પાદન પર માઠી અસર થાય છે અને જો વાઢવામાં મોડું થાય તો તલ ખરી પડવાથી ઉત્પાદનમાં નુકસાન જાય છે. તલનો પાક આશરે ૯૦ દિવસમાં તૈયાર થઈ જાય છે. છોડના પાન પીળા પડી ખરી પડવા માંડે અને બૈઢા પીળા પડી જાય ત્યારે તલને વાઢી પુળા વાળી તેના ઉભડા કરવા. ઉભડા કરવાની જગ્યાએ જમીન ઉપર મીથાઈલ પેરાથીઓન ૨% ભૂકી છાંટીને ઉભડા કરવા તથા ઉભડાની ફરતે પણ આ દવાની ભૂકી છાંટવી. આમ કરવાથી તલના દાણામાંથી તેલ ચુસનારા કાળા ભૂરા ચુસિયા નામની જીવાતથી થતુ નુકસાન અટકાવી શકાય. આ દવાનો તલના ઉભડા ઉપર સીધો છંટકાવ કરવો નહી કારણ કે આમ કરવાથી આ દવાના અવશેષ દાણામાં આવશે જે સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. ઉભડા બરાબર સુકાઈ જાય ત્યારે તેમાંથી તલ થોડા થોડા સમયના અંતરે બે થી ત્રણ વખત ખંખેરી લેવા. તલને સાફ કરી, ગ્રેડીંગ કરી વ્યવસ્થિત રીતે સુકવી ઉંદર કે જીવાતથી નુકસાન ન થાય તેવી જગ્યાએ સંગ્રહ કરવો.

● શેરડીની રોપણી પછી ત્રીજા મહિને હલકા કદના તથા પાંચમાં મહિને ભારે કદના પાળા ચઢાવવા. ખેતરમાં શેરડીની પતરી બાળવાની સલાહ આપવામાં આવતી નથી.

**શાકભાજીઃ**

● રીંગણના પાકમાં ગંઠવા કૃમિનું અસરકારક નિયંત્રણ માટે પેસીલોમાયસીસ લીલાસીનસ હેકટર દીઠ ૨૫ કિલો સ્પોરડસ્ટ (૧૦૯ કનીડીયા/ગ્રામ) કેરીયર સાથે ફેરરોપણી સમયે + મરઘાનું ખાતર ૧૦ ટન હેકટર ફેરરોપણીના એક અઠવાડિયા પહેલાં અથવા રાઈનો ખોળ હેકટર દીઠ ૨ ટન પ્રમાણે ફેરરોપણીના એક અઠવાડિયા પહેલાં અથવા પેસીલોમાયસીસ લીલાસીનસ હેકટર દીઠ ૨૫ કિલો ફેરરોપણી સમયે + લીમડાનો ખોળ હેકટર દીઠ ૨ ટન પ્રમાણે ફેરરોપણીના એક અઠવાડિયા પહેલાં આપવાની ભલામણ છે.

● શાકભાજી પાકો માટે ધરૂવાડિયાની તેમજ વાવણીની તૈયારી કરવી. શાકભાજીના પાકમાં બિયારણને થાયરમ અથવા કાર્બેન્ડાઝીમનો પટ અવશ્ય આપવો. રીંગણના પાકમાં ફળ અને ડુંખ કોરી ખાનાર ઈયળ તથા અન્ય જીવાતો માટે સંકલિત નિયંત્રણ અપનાવવું.

● ગ્રીન હાઉસમાં ઓફ સિઝનમાં ફાયદો મળી રહે તેવા પાકો જેવા કે જર્બેરા, કાર્નેશન, ગુલાબ, ગ્લેડીયોલસ, જેવા ફૂલ પાકો તેમજ ધાણાભાજી, મેથી, મરચા(કેપ્સીકમ), ટામેટા, કાકડી જેવા શાકભાજી પાકો લઈ શકાય.

**બાગાયતઃ**

● જામફળમાં મૃગબહાર લેવામાં આવે તો તેના ફળો શિયાળા દરમ્યાન મળે છે. જેની ગુણવત્તા ખુબજ સારી હોય છે, ફળમાખીનો ઉપદ્રવ ઓછો હોય છે. તેમજ વીટામીન - સીનું પ્રમાણ ઘણું હોય છે. આના માટે ફાલ ઉતાર્યા બાદ ઉનાળાની ઋતુમાં ફેબ્રુઆરી - મે માસ સુધી પાણી બંધ કરી આપવામાં આવે છે. ત્યારબાદ ખેડ કરી ગોડ કરવો અને ખાતર પાણી આપવું તેમજ રોગ - જીવાતવાળી સુકી ડાળીઓ કાપી નાખવી.

● બોરમાં છટણી સામાન્ય રીતે એપ્રિલના બીજા પખવાડિયાથી મે ના પ્રથમ પખવાડિયા સુધીમાં કરી શકાય છે. સીતાફળમાં ખાસ પ્રકારની છટણીની જરૂર રહેતી નથી પરંતુ થડની આજુબાજુ ફુટતી ડાળીઓ કાઢતા રહેવું.

● લીંબુના પાકમાં જીવાત અને રોગના નિયંત્રણ અંગે યુનિ.ની ભલામણ પ્રમાણે પાન કોરીયાના નિયંત્રણ માટે ફેન્થીઓન, ડાયમથીએટ અથવા કવીનાલફોસનો છંટકાવ કરવો. તેમજ ગુંદરીયા રોગના નિયંત્રણ માટે રોગ લાગેલ ભાગ ચપ્પુથી છોલી બોર્ડો પેસ્ટ અથવા ઓરીયોફંગીન દવા (૧૦ લિટર પાણીમાં ૧ ગ્રામ પ્રમાણે) ચોપડવાથી ફાયદો થાય છે

● દાડમ, ફૂલછોડ, ઔષધીય પાકો અને રક્ષિત ખેતી પાકોમાં થ્રીપ્સનાં નિયંત્રણ માટે લીમડાની લીંબોળીની મીંજનો ભૂકો ૫૦૦ ગ્રામ (૫ % અર્ક) અથવા લીંબોળીનું તેલ ૩૦ મિ.લિ. અથવા લીમડા આધારિત તૈયાર કીટનાશક ૨૦ મિ.લિ. (૧ ઈસી) થી ૪૦ મિ.લિ. (૦.૧૫ ઈસી) ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.

● સીતાફળનાં વાવેતર માટે જી.જી.સી.એ.-૧ જાતનું વાવેતર કરવું

● લીબુમાં થડેથી નીકળતા પીલા દૂર કરવા તથા ભલામણ મુજબના ખાતરો આપી દેવા.

નિકાસ દ્વારા વૈશ્વિક બજારોમાં સારા ભાવ મેળવવા માટે ધ્યાનમાં **રાખવાના મુદ્દાઃ**

● કરાર આધારિત ખેતી પદ્ધતિ દ્વારા ખેડૂતોએ નિકાસકાર કંપની કે વેપારી સાથે સમન્વય કરવો જોઈએ.

● ખેડૂતોએ પોતાની પેદાશ ક્યાં આંતરાષ્ટ્રીય બજારમાં વેચવાથી વધુ ભાવ મળે તે નક્કી કરવું જોઈએ.

● આંતરાષ્ટ્રીય બજારમાં કઈ પધ્ધતિથી વેચાણ કરવું તે નક્કી કરવું જોઈએ જેમ કે, સીધું વેચાણ અથવા એજન્ટ દ્વારા વેચાણ.

● જંતુનાશકોના અવશેષો રહિત ઉત્પાદન મળે તેવું અગાઉથી જ આયોજન કરવું જોઈએ.

● ખેત પેદાશોનો બગાડ ન થાય તેના માટે યોગ્ય ગ્રેડિંગ કરી આકર્ષક પેકિંગ કરવું જોઈએ.



ડો. જી.આર. ગોહિલ
જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી, જૂનાગઢ

**(૪) મલ્ટિ માઈક્રો-ચુટ્રિય-ટ મીક્ષર ગ્રેડનો ઉપયોગ(મલ્ટિ માઈક્રો ન્યુટ્રિન્ટ મિક્ષર ગ્રેડનું સંયોજન સરકાર માન્ય ગ્રેડની બરાબર છે.)**

| ગ્રેડ | વિગત | ફેરસ | મેંગેનીઝ | ઝિંક | કોપર | બોરોન |
|---|---|---|---|---|---|---|
| **છંટકાવનો ગ્રેડ :** | | | | | | |
| ૧ | સામાન્ય ગ્રેડ | ૨.૦ | ૦.૫ | ૪.૦ | ૦.૩ | ૦.૫ |
| ૨ | લોહની ઉણપ ગ્રેડ | ૬.૦ | ૧.૦ | ૪.૦ | ૦.૩ | ૦.૫ |
| ૩ | જસતની ઉણપનો ગ્રેડ | ૨.૦ | ૦.૫ | ૮.૦ | ૦.૩ | ૦.૫ |
| ૪ | લોહ અને જસતની ઉણપનો ગ્રેડ | ૪.૦ | ૧.૦ | ૬.૦ | ૦.૫ | ૦.૫ |
| **જમીનમાં આપવાનો ગ્રેડઃ** | | | | | | |
| ૫ | સામાન્ય ગ્રેડ | ૨.૦ | ૦.૫, | ૫.૦ | ૫.૦ | ૦.૨ |

**પૂર્તિનો દર : ૧.૦ ટકા દ્રાવણ છંટકાવ ગ્રેડ માટે, જમીનમાં આપવાનો ગ્રેડ - ૨૦ કિ.ગ્રા. હે.**

# ઔષધીય મહત્વ ધરાવતા શેઢાપાળાના ફળપાકો



(૧) આમળા : આમળાના ફળમાં વીટામીન -સીનું પ્રમાણ ખુબ વધારે હોવાથી માનવ શરીરમાં થતી કુદરતી તૂટફૂટની મરામત કરીને શરીરને તંદુરસ્ત રાખે છે. તેના ફળો શ્વસનતંત્રનાં રોગો, મધુપ્રમેહ, હ્રદયરોગ, આંખના રોગો, કફ, ઝાડા અને મરડો, કમળો વગેરે રોગોમાં ઉપયોગી છે. આમળા દીર્ઘઆયુષ્ય પ્રાપ્તિ માટે, નસકોરી માટે, તાવ, હરસમાંથી લોહી પડતુ હોય ત્યારે, પેશાબ ના આવતો હોય તો, બુદ્ધિ વધારવા માટે ઉપયાતી છે. ત્રિફલા ચ્યવનપ્રાસ, આમળા રસાયણ ઘણી કંપનીઓ સદીઓથી બનાવે છે. (૨) બોર : બોરનાં ફળોનો ઉપયોગ ઘા તથા ચાંદા ઉપર લગાવવા માટે, પાચનક્રિયા ગતિશીલ બનાવવા તથા તાવ મટાડવા માટે થાય છે. તેનાં બીજનો ઉપયોગ છાશ સાથે ઉલટી, ઉબકા તથા ગર્ભાવસ્થામાં થતા દુખાવાને અટકાવવા માટે થાય છે. તેનાં બીજનો પાવડર ઝાડા તથા કમળાનાં નિવારણ માટે ઉપયોગી છે. તેનાં પાંદડાનો ઉપયોગ ઘા રૂઝાવા માટે, દમ, તાવ તથા યકૃતમાં થતાં દુખાવાનાં નિવારણ માટે વપરાય છે. તેનાં ફૂલોનો ઉપયોગ આંખોનાં રોગોમાં તથા ચામડી પર પડતાં ચાંદા ઉપર લગાવવામાં થાય છે. (૩) લીંબુઃ લીંબુનાં ફળ રોજ-બરોજની વપરાશ ઉપરાંત ઔષધિય દ્દષ્ટિએ મહત્વ ધરાવે છે. લીંબુનો રસ કફ, વાયુ, ઉધરસ, ઉલટી, પિત, કોલેરા, શૂળ,આમ વાત તથા પેટનાં કૃમિનો નાશ કરે છે. લીંબુના સેવનથી અજીર્ણ દૂર થાય છે. તદઉપરાંત અનેક પ્રકારનાં સૌંદર્ય પ્રસાધનો લીંબુના રસ અને ફળની છાલમાંથી બનાવવામાં આવે છે. (૪) દાડમ : દાડમનો ઉપયોગ નસકોરી ફૂટે ત્યારે તથા અરૂચી, આંખોની ગરમી અને લાલાશ દૂર કરવા થાય છે. કો તથા મરડાના ઈલાજ માટે દાડમનો ઉપયોગ થાય છે. તેનાં મૂળ, છાલ તથા બીજનો ઉપયોગ ઔષધિય રીતે ઝાડા માટે થાય છે. તેનાં ફળો રેચક તરીકે, જઠરનાં સોજાં માટે તથા હ્રદયનાં દુઃખાવા માટે વપરાય છે. તેનો રસ રકતપિતનાં દર્દીને રાહત આપે છે. તેનાં થડ અને મૂળનો ઉપયોગ કૃમિનાશક તરીકે અને તાવમા થાય છે. પોષણ શક્તિ વધારવા માટે ગુણકારી છે. (૫) ખારેક : ખજૂર તેમજ સૂકી ખારેકનો ઉપયોગ પૌષ્ટિક આહાર, વાજીકરણ દવા તરીકે થાય છે. મહિલાઓ માટે પ્રસુતિ પછીની નબળાઈ ઝડપી દૂર કરવા માટે ખજૂરના ફળ જેને છોહારા કહેવામાં આવે છે. તે ખૂબ ઉપયોગી છે. (૬) ખાટી આમલીઃ દરરોજ ખોરાકમાં તેનો ઉપયોગ કરવાથી મૂત્રપિંડમાં પથરી જેવાં દર્દ થવાનો અવકાશ રહેતો નથી તેની છાલનો ઉપયોગ ઝાડા અટકાવવા માટે થાય છે. તે પિત્તશામક તરીકે વપરય છે. તેનાં પાંદડાનો ઉપયોગ આંખ અને કાનમાં રોગોમાં તથા સાપનાં ઝેરનાં નિવારણ માટે થાય છે. તેનો ઉપયોગ સોજો ઉતારવા માટે, દાઝયા ઉપર, અરૂચિ દૂર કરવા લૂનાં નિવારણ માટે ભાંગનો નશો દૂર કરવા ઝાડા અટકાવવા માટે થાય છે.(૭) જાંબુ : જાંબુનાં ફળનો ઉપયોગ ઝાડા બંધ કરવા મધુપ્રમેહ, દરાજ વગેરે રોગોમાં થાય છે. જાંબુમાં બીજનો પાવડરનો ઉપયોગ મૂત્રમાં શર્કરાનું પ્રમાણ ઝડપથી ઘટાડવા માટે થાય છે. તેનાં વિવિધ ભાગોનો ઉપયોગ મરડો, મસા, યકૃતનાં રોગો, સ્ત્રીવંધ્યત્વ અને મૂત્રનું પ્રમાણ વધારવા માટે છે. ડાયાબીટીસના દર્દીઓ માટે જાંબુના ઠળિયાના ઉપયોગ લાભકારી છે. (૮) જામફળ : જામફળના પાંદડાનો ઉપયોગ ઝાડાનાં નિવારણ માટે થાય છે. તેનો ઉપયોગ પેટના વિકારોમાં, ભાંગનો નશો ઉતારવા, આંખના ફૂલવા, સોજા, દુઃખાવા પર તથા હરસ મસાના દર્દોમાં થાય છે. (૯) બીલાઃ બીલાના પાકા ફળો રેચક તરીકે તથા કાચા ફળો ઝાડા અને મરડો અટકાવા માટે વપરાય છે. આયુર્વેદમાં તેની ખુબ માંગ અને વપરાશ રહેલ છે. બીલાના પાન, ફળ, છાલ તથા મૂળમાં વિવિધ ઉપયોગી રસાયણો જેવા કે આલ્કલોઈડ, કુમેરીન, સ્ટીરોઈડ અને તૈલી દ્રવ્યો રહેલા છે. બીલામાંથી બનતું પીણું ઉનાળામાં ઠંડક આપે છે. ફળોમાં રહેલું માર મેલોસીન તત્વ અનેકવિધ ઔષધીય ગુણધર્મો ધરાવે છે. તેનાં પાકા ફળોનો રસ મસાનો વિકાસ અટકાવે છે. બીલાનાં મૂળનો ઉપયોગ તાવ, પેટનો દુઃખાવો, હ્રદયરોગ, મૂત્રમાર્ગની તકલીફો તથા વાત, પિત અને કફ દૂર કરવા માટે વપરાય છે. બીલીનાં ફૂલોનો ઉપયોગ ઉલટી અટકાવવા માટે તથા તેનાં પાંદડાના રસનો ઉપયોગ કમળા અને આંખોના ચેપી રોગને અટકાવવા માટે થાય છે. (૧૦) બીજોરા : પેટના દર્દોમાં બીજોરાનો રસ આપવાથી રાહત થાય છે. શરીરમાં નાની ગાંઠ થઈ હોય તો તેને ઓગાળવા માટે બીજોરાનો રસ અથવા તેની છાલ સૂકવી તેનું ચૂર્ણ આપવામાં આવે છે. (૧૧) કરમદાં : કરમદાં ફળો વિટામીન-સી તથા ક્ષારથી ભરપુર છે. તેનાં ફળો એનિમિયાનાં રોગમાં ઉપયોગી છે. તેનાં બીનો પાવડર વાઢીયાં માટે ઉપયોગી છે. (૧૨) ફાલસાંઃ ફાલસાનો ઉપયોગ રોહીણી નામનાં ગળાનાં રોગમાં થાય છે. તેનાં ફળો શરીરને ઠંડક આપે છે. તથા જઠરનાં રોગોમાં ઉપયોગી છે. તેનો ઉપયોગ હ્રદયરોગ, લોહીનાં રોગો, તાવ અને કબજીયાતમાં થાય છે. તેનો રસ પાચક રસ તરીકે ઉપયોગી છે. તેનો ઉપયોગ લોહીનાં શુધ્ધિકરણ માટે થાય છે. (૧૩) શેતૂર : શેતૂર ફળોનો ઉપયોગ વાઈ આવવી, કબજીયાત અને તેનાં ફળોનો ઉપયોગ ગળું બેસી જવું તાવ, અપચો, માથાના દુઃખાવામાં અને માનસિક રોગોનાં ઉપચાર માટે થાય છે. મૂળનો ઉપયોગ કૃમિનાશક તરીકે કરવામાં આવે છે. (૧૪) અંજીર : અંજીર ફળો રેચક તરીકે અને તેમાં પાચક અંતઃસ્ત્રાવો ભરપુર પ્રમાણમાં રહેલાં હોય છે. તેઓ કૃમિનાશક તરીકે પણ ઉપયોગી છે. તેનો મસા, કબજીયાત, અસ્થમા, શારીરિક નબળાઈ અને કફ માટે થાય છે. (૧૫) સીતાફળ : સીતાફળ બીજનાં તેલનો ઉપયોગ સંધિવા તથા તેના બીજ અને પાન માથાનાં જૂને દૂર કરવા માટે ઉપયોગી છે. ફળનો ઉપયોગ મૂર્છાની અવસ્થાને દૂર કરવા માટે થાય છે.

લુણાગરિયા રાધિકા જે.,
ભાદરકા ચાંદની આર.,
મીઠાપરા કિન્નરી ડી.

# શંખપુષ્પી/શંખાવલીની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ અને ફાયદાઓ






પ્રસ્તાવના: શંખપુષ્પીનું વજ્ઞાનિક નામ કોનવોલ્વુલસ પ્રોસ્તરેટસ છે. તે કોનવોલ્વુલેસી કુળની અનેક ઔષધીય ગુણધર્મો ધરાવતી અદ્ભુત ઔષધિ તરીકે ઓળખાય છે. તેનો ઉપયોગ આયુર્વેદિક દવાઓ બનાવવા માટે થાય છે. તેના સંપૂર્ણ ભાગ એટલે કે પાંદડા, મૂળ, સ્ટેમ અને અન્ય વનસ્પતિ ભાગો વિવિધ દવાઓ તૈયાર કરવા માટે વપરાય છે. શંખપુષ્પીથી તૈયાર કરાયેલી દવાઓ અસ્થમા, બ્રોન્કાઈટિસ, અનિદ્રા, ગાંડપણ, હેમટેમેસિસ, કબજિયાત અને કેટલાક પ્રકારની અલ્સરની સારવાર માટે વપરાય છે. તે એક બારમાસી ઔષધિ છે જેની સરેરાશ ઊંચાઈ ૨-૩ ઈંચ છે. પાંદડાઓ વાદળી ફૂલો ધરાવતી લંબચોરસ છે.

**ઉપયોગ** : શંખાવલી સંસ્કૃતમાં એને શંખપુષ્પી કહે છે. શંખાવલી ગુજરાતમાં બધે થાય છે. સમુદ્ર કિનારાની જમીન તેને વધુ અનુકુળ આવે છે. તેનાં પાંદડાં સોનમુખી જેવાં અને ફુલો શ્વેત ગુલાબી અને શંખના આકારનાં હોવાથી એને શંખાવલી કહે છે. શંખાવલી બારે માસ લીલી મળી રહે છે. એનાં પાન મસળવાથી માખણ જેવાં મુલાયમ થાય છે, આથી તેને માખણી પણ કહે છે. ઔષધમાં શંખાવલીનાં બધાં અંગોનો ઉપયોગ થાય છે. તેના સ્વરસની માત્રા ત્રણથી ચાર ચમચી, ઉકાળો એક કપ અને પંચાંગનું ચૂર્ણ એક ચમચી સવાર-સાંજ લઈ શકાય. મગજની પુષ્ટી માટે શંખાવલીના પંચાંગનું ચાટણ દૂધ સાથે આપવું. તેના સેવનથી ખાલી પડેલું મગજ ભરાય છે. શંખાવલીમાં સારક ગુણ વધારાનો છે, એ સિવાય બીજા ગુણો બ્રાહ્મીને મળતા છે. એની ભાજી બનાવીને પણ ખાઈ શકાય. ફુલ સહિત એના પાનનું તલના તેલમાં વઘારેલું શાક ખુબ સ્વાદિષ્ટ લાગે છે. એનું શાક વાતહર, પાચક, મળને સરકાવનાર, શક્તિ અને બુદ્ધિવર્ધક તથા પીત્તહર છે. શંખાવલીની શાખાઓ વીસ ઈંચ જેટલી સુતળી જેવી બારીક રુંવાટીવાળી હોય છે. તેનાં પાન જરા લાંબા, બુઠ્ઠાં ટેરવાંવાળાં, બારીક અને આંતરે આવેલાં હોય છે. તેની શાખા ઉપર શંખ જેવા જ આકારનાં ફુલોની હાર જોવા મળે છે. તેનાં ફળ ગોળાઈ લેતાં સૂક્ષ્મ અણીવાળાં હોય છે. ઔષધમાં સફેદ ફુલોવાળી શંખાવલી વાપરવી. એ ઉત્તમ બુદ્ધિ વધારનાર હોઈ માનસિક રોગો, ગાંડપણ, હતાશા-ડીપ્રેશન, એપીલેપ્સી, વાઈ, ઉન્માદ વગેરેમાં હીતાવહ છે. **૧.**બેથી ત્રણ ચમચી શંખાવલીનો તાજો રસ સવાર-સાંજ પીવાથી ગાંડપણ મટે છે. શંખાવલીના આખા છોડને મૂળ સહિત ઉખેડી સારી રીતે ધોઈ પથ્થર પર લસોટી રસ કાઢવો. **૨.**શંખાવલીનું ચૂર્ણ અડધી ચમચી, પાંચ નંગ બદામ, બ્રાહ્મી ચૂર્ણ પા(૧/૪) ચમચી, ગુલાબના ફુલની પાંખડી નંગ ૧૦, ખસખસ પા(૧/૪) ચમચી, વરીયાળી અડધી ચમચી, મરી નંગ ૧૦ અને એલચી નંગ ૧૦ને દૂધમાં લસોટી ચાટણ જેવું બનાવી એક ગ્લાસ દૂધમાં સાકર મેળવી શરબત બનાવી રોજ રાત્રે પીવાથી થોડા દિવસોમાં યાદશક્તિ વધે છે, ઉંઘ સારી આવે છે, એપીલેપ્સી, ઉન્માદ અને ગાંડપણમાં ફાયદો થાય છે. **૩.** શંખાવલીનું મૂળ સાથે શરબત બનાવ્યું હોય તો દસ્ત સાફ ઉતરે છે. રોજ શરબત ન બનાવવું હોય તો શંખાવલી ઘૃત એક ચમચી રોજ રાત્રે ચાટી જવું. **૪.** શંખાવલીના ચાર ચમચી રસમાં ૦.૭૫થી ૧ ગ્રામ (ચારથી પાંચ ચોખાભાર) મીઠી કઠનું ચૂર્ણ અને બે ચમચી મધ મેળવી રોજ સવાર-સાંજ પીવાથી ઉન્માદ અને વાઈ મટે છે. તમામ પ્રકારની ઘેલછા અને ગાંડપણમાં ખુબ હીતાવહ છે. **૫.** શંખાવલીના પાનનો ચાર ચમચી રસ સાકર નાખી પીવાથી પ્રમેહ અને સંગ્રહણીમાં અસરકારક ફાયદો થાય છે. **૬.** શંખાવલીના પંચાંગના રસથી સિદ્ધ કરેલું ઘી રેચક હોય છે. આ ઘી એક ચમચી સવાર-સાંજ લેવાથી પેટનો જુનો રોગ સન્નીપાતોદર મટે છે. **૭.** શંખાવલીનાં મૂળ અને પાનનો ઉકાળો સંધીવા, વિસ્ફોટક અને શરીરની નબળાઈ પર લાભ કરે છે. **૮.** શંખાવલીનાં સુકાં પાન ચલમમાં નાખી ધુમ્રપાન કરવાથી દમમાં ફાયદો થાય છે. **૯.** શંખાવલીના ચાર ચમચી રસમાં બે ચમચી મધ અને પાંચ કાળાં મરીનું ચૂર્ણ નાખી પીવાથી ઉબકા, ઉલટી, હેડકી અને ઓડકાર મટે છે. (ક્રમશઃ)

ડો.જે.એસ. પરસાણા,
ડો. એસ.કે. ભુવા,
પ્રો. શિવાની પટેલ અને
ડો.બી.વી. હુંમર. બાગાયત
વિભાગ, જે.એ.યુ., જૂનાગઢ

# પોલીસકર્મીની ગોળીથી મૃત્યુ પામ્યા હેમંત કરકરે : કોંગ્રેસ નેતાનો બફાટ

(એ.આર.એલ),મુંબઈ,તા.૫




મુંબઈ આતંકવાદી હુમલાને લઈને કોંગ્રેસ નેતા વિજય વડેટ્ટીવારે મોટો દાવો કર્યો છે. મહારાષ્ટ્ર વિધાનસભામાં વિપક્ષના નેતા વડેટ્ટીવારે શનિવારે કહ્યું કે આઈપીએસ અધિકારી હેમંત કરકરેને અજમલ કસાબ કે કોઈ આતંકવાદીએ નહીં પરંતુ આરએસએસ સાથે સંકળાયેલા પોલીસ અધિકારીએ ગોળી મારી હતી. તેમણે ભાજપના ઉમેદવાર અને વકીલ ઉજ્જ્વલ નિકમ પર વિશ્વાસઘાત અને હકીકત છુપાવવાનો આરોપ લગાવ્યો હતો. તમને જણાવી દઈએ કે ઉજ્જ્વલ આ કેસમાં સરકારી વકીલ હતા.

વડેટ્ટીવારે કહ્યું કે, તપાસ દરમિયાન કેટલીક મોટી માહિતી સામે આવી છે. આ હોવા છતાં, ઉજ્જ્વલ નિકમે તેમને છુપાવી દીધા. મારો પ્રશ્ન એ છે કે ભાજપ આવા ગદ્દારને લોકસભાની ચૂંટણીમાં કેમ ઉતારે છે? આમ કરીને ભાજપ દેશદ્રોહીને બચાવી રહી છે. નિકમ અને નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે પણ વડેટ્ટીવારના આ નિવેદન પર પ્રતિક્રિયા આપી હતી. ફડણવીસે કહ્યું કે વડેટ્ટીવારનું નિવેદન પાયાવિહોણું છે. તેમણે કહ્યું કે કોંગ્રેસ કસાબની સમર્થક રહી છે. નિકમે કહ્યું કે અમે આવા પાયાવિહોણા આરોપોથી ખૂબ જ દુઃખી છીએ. આ ક્ષુદ્ર રાજકારણનું ઉદાહરણ છે. મને ખબર નહોતી કે લોકો માત્ર મતના ફાયદા માટે આટલા નીચા પડી જશે. વડેટ્ટીવાર માત્ર મારું જ નહીં પરંતુ ૨૬/૧૧ના હુમલામાં જીવ ગુમાવનારા તમામ ૧૬૬ લોકોનું પણ અપમાન કરી રહ્યા છે.

# પુંછમાં વાયુસેના પર થયેલા હુમલામાં પીએએફએફ આંતકી સંગઠનની સંડોવણી

નવીદિલ્હી,તા.૫



જમ્મુ અને કાશ્મીરના પુંછ જિલ્લામાં ગઈકાલે એટલે કે શનિવારે ૫ મેના રોજ આતંકવાદીઓએ ભારતીય વાયુસેના(આઈએએફ)ના કાફલા પર હુમલો કર્યો. આ હુમલામાં એરફોર્સના એક બાહોશ જવાન શહીદ થયા જ્યારે અન્ય ચાર ઘાયલ થયા હતા. પુંછમાં થયેલા હુમલામાં પીપલ્સ એન્ટી ફાસીસ્ટ ફ્રન્ટ (પીએએફએફ)નું નામ સામે આવી રહ્યું છે. આ આતંકી સંગઠન જૈશ-એ-મોહમ્મદ સાથે જોડાયેલું છે. પીએએફએફે ગયા વર્ષે પણ આવો જ હુમલો કર્યો હતો.

મહત્વનું છે કે, આતંકવાદીઓ દ્વારા આ હુમલો એવા સમયે કરવામાં આવ્યો છે જ્યારે અનંતનાગ-રાજૌરી લોકસભા ક્ષેત્રમાં ત્રણ અઠવાડિયામાં મતદાન થવાનું છે. રવિવાર સવારથી જ પુંછના જંગલોમાં આતંકવાદીઓને શોધવા માટે સર્ચ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર આતંકીઓને પકડવા માટે સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે.

# લોકસભા ચૂંટણીને લઈ બાબરા સિટી તથા ગ્રામ્ય વિસ્તારમાં ફ્લેગ માર્ચ



તસ્વીર : વિજય માલી

બાબરા, તા.૫

લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ અંતર્ગત કાયદો-વ્યવસ્થા બાબતે બાબરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સીઆરપીએફની કંપની તથા બાબરા પોલીસ સ્ટેશનના પોલીસ સ્ટાફ દ્વારા બાબરા સિટી તથા ગ્રામ્ય વિસ્તારમાં ફ્લેગ માર્ચ કરવામાં આવી હતી. ઉપરાંત બાબરા પોલીસ સ્ટેશન દ્વારા કોટડાપીઠા ચેકપોસ્ટ તથા મોટા દેવળીયા ચેકપોસ્ટ ખાતે વાહન ચેકિંગ કરવામાં આવ્યું હતું.

# દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર ભયંકર માર્ગ અકસ્માતમાં ૬ લોકોના મોત

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૫



રવિવારની સવારે દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પરથી એક દર્દનાક અકસ્માતના સમાચાર સામે આવી રહ્યા છે. વાત જાણે એમ છે કે, અહીં એક અકસ્માતમાં ૬ લોકોના કમકમાટીભર્યા મોત થયા છે. સવાઈ માધોપુર જિલ્લાના બૌનલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં રણથંભોર સ્થિત ત્રિનેત્ર ગણેશજીના દર્શન કરવા જઈ રહેલા ભક્તોની કારને કોઈ અજાણ્યા વાહનચાલકે ટક્કર મારી હતી. જેના કારણે કારમાં સવાર છ લોકોના ઘટના સ્થળે જ દર્દનાક મોત થયા હતા. અકસ્માતની માહિતી મળતાં જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને ત્યાંની પરિસ્થિતિ જોઈને તેઓ પણ સ્તબ્ધ થઈ ગયા. પોલીસે મૃતદેહોને સ્થાનિક હોસ્પિટલના શબઘરમાં રાખ્યા છે.

આ ઘટનાની વિગત એવી છે કે, ગઈકાલે એટલે કે રવિવારે સવારે લગભગ ૭ વાગે આ દર્દનાક અકસ્માત થયો હતો. જેના કારણે કારમાં સવાર છ લોકોના ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યા હતા.

# ચેન્નાઈ સુપર કિંગ્સે પંજાબ કિંગ્સને ૨૮ રનથી હરાવ્યું

ધર્મશાલા, તા.૫

ચેન્નાઈ સુપર કિંગ્સે વર્તમાન સિઝનની ૫૩મી મેચમાં પંજાબ કિંગ્સને ૨૮ રનથી હરાવ્યું હતું. ધર્મશાલાના મેદાનમાં પંજાબે ટૉસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. ચેન્નાઈએ ૨૦ ઓવરમાં ૯ વિકેટ ગુમાવીને ૧૬૭ રન બનાવ્યા હતા. જવાબમાં પંજાબની ટીમ ૨૦ ઓવરમાં ૯ વિકેટ ગુમાવીને ૧૩૯ રન જ બનાવી શકી હતી. રવીન્દ્ર જાડેજાએ ઓલરાઉન્ડ પ્રદર્શન કર્યું હતું. તેણે ૨૬ બોલમાં ૪૩ રનની ઈનિંગ રમી હતી. આટલું જ નહીં તેણે ૩ વિકેટ પણ લીધી હતી. એમ.એસ. ધોની પહેલા જ બોલ પર બોલ્ડ થયો હતો. ઋતુરાજ ગાયકવાડે ૩૨ અને ડેરીલ મિચેલે ૩૦ રન બનાવ્યા હતા. મોઈન અલી અને શાર્દૂલ ઠાકુરે ૧૭-૧૭ રનનું યોગદાન આપ્યું હતું. પંજાબ તરફથી રાહુલ ચહર અને હર્ષલ પટેલે ૩-૩ વિકેટ લીધી હતી. જ્યારે પંજાબ તરફથી ચેઝ કરતા ઓપનર પ્રભસિમરન સિંહે સૌથી વધુ ૩૦ રન બનાવ્યા હતા.

# યુપીની ઈકોનોમી પર 'રામલલ્લા'ના આશીર્વાદ! રાજય સરકારની તિજોરી આવકથી છલકાઈ

## યુપી ગુજરાત પછી જીએસટી કલેક્શનમાં ચોથું સૌથી મોટું રાજ્ય બની ગયું

(એ.આર.એલ),લખનૌ,તા૫




અયોધ્યામાં રામ મંદિરના નિર્માણ બાદથી રેકોર્ડ પ્રવાસીઓ રામલલ્લાના દર્શન કરવા માટે સતત અયોધ્યા જઈ રહ્યા છે. આ દરમિયાન એપ્રિલ ૨૦૨૪માં દેશમાં ૨.૧૦ લાખ કરોડ રૂપિયાનું રેકોર્ડ જીએસટી કલેક્શન આવ્યું છે. આમાં ખાસ વાત એ છે કે ઉત્તર પ્રદેશે ૧૯ ટકાની વૃદ્ધિ નોંધાવી છે અને મંથલી કલેક્શનમાં તમિલનાડુને પાછળ છોડી દીધું છે. એપ્રિલ ૨૦૨૪માં ૧૨,૨૯૦ કરોડ રૂપિયા સાથે યુપી એ મહારાષ્ટ્ર, કર્ણાટક અને ગુજરાત પછી જીએસટી કલેકશનમાં ચોથું સૌથી મોટું રાજ્ય બની ગયું છે.

અયોધ્યામાં રામ મંદિરનો જીએસટી કલેક્શનમાં મોટો ફાળો હતો, કારણ કે જાન્યુઆરીમાં રામ મંદિરના ઉદ્‌ઘાટન પછી રાજ્યના પ્રવાસનમાં નોંધપાત્ર વધારો થયો છે. રાજ્યમાં રામ મંદિરના નિર્માણ બાદ પ્રવાસીઓમાં ભારે વધારો થયો છે, જેના કારણે સરકારી તિજોરી પણ ભરાઈ ગઈ છે.જીએસટી કલેક્શનના સંદર્ભમાં તમિલનાડુ દેશમાં સૌથી વધુ ફેક્ટરીઓ ધરાવતું રાજ્ય ૫ માં સ્થાને જતું રહ્યું છે.

# અમરેલી જિલ્લા ચૂંટણી અધિકારીની ટેલિકોમ ઓપરેટર્સ સાથે બેઠક યોજાઈ

અમરેલી તા. ૦૫



અમરેલી જિલ્લા ચૂંટણી અધિકારી અજય દહિયાના અધ્યક્ષ સ્થાને લોકસભાની સામાન્ય ચૂંટણીના મતદાન પૂર્વે ટેલિકોમ ઓપરેટર્સ સાથે બેઠક યોજવામાં આવી હતી. અમરેલી કલેક્ટર કચેરી ખાતે યોજાયેલ આ બેઠકમાં જિલ્લા ચૂંટણી અધિકારીએ, ટેલિકોમ કંપનીના પ્રતિનિધિઓને ચૂંટણી પંચની માર્ગદર્શિકાઓ અને અનુસરવાના નિયમો અંગેની વિગતો આપી હતી. અમરેલી નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીએ બેઠકમાં ઉપસ્થિત વિવિધ ટેલિકોમ કંપનીઓના પ્રતિનિધિઓને ચૂંટણી પંચના નિયમો અને માર્ગદર્શિકાઓ તેમજ નિયત પત્રકો સહિતની બાબતો વિશે જણાવ્યુ હતું. આગોતરી મંજૂરી મેળવવાની હોય તે બાબત માટે જરુરી માર્ગદર્શિકાઓની નકલ પણ ટેલિકોમ કંપનીઓના પ્રતિનિધિઓને આપવામાં આવી હતી. બેઠકમાં એમ.સી.એમ.સી. સમિતિના સભ્ય સચિવ અને નાયબ માહિતી નિયામક, ચૂંટણી શાખા મામલતદાર, ચૂંટણી શાખા અને જિલ્લા ચૂંટણી તંત્રના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલી જિલ્લા પોલીસ દ્વારા સંવેદનશીલ વિસ્તારોમાં ફ્લેગ માર્ચ યોજાઈ

અમરેલી, તા.૫



અમરેલી તેમજ સાવરકુંડલા, રાજુલા શહેર સહિતના લોકસભા મતવિસ્તારોમાં અમરેલી જીલ્લા પોલીસ વડા હિમકરસિંહ દ્વારા લોકસભા ચૂંટણીને અનુલક્ષી ફ્લેગ માર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું. ચૂંટણીને લઈ શહેરમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેમજ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે ફ્લેગ માર્ચ યોજાઈ હતી. આ ફ્લેગ માર્ચમાં એલસીબી, એસઓજી સહિત જિલ્લાની પોલીસ ટીમ તેમજ વિવિધ પોલીસ સ્ટેશન વિસ્તારના અધિકારીઓ પીઆઈ, પીએસઆઈ સહિત મોટી સંખ્યામા પોલીસ કાફલા જોડાયા હતા.

# લોકસભા ચૂંટણીને ધ્યાને રાખી ઉના શહેરમાં વિવિધ માર્ગો પર પોલીસની ફ્લેગ માર્ચ

ઉના, તા.૫



ઉના સંવેદનશીલ વિસ્તાર માનવામાં આવે છે ત્યારે લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને સ્થાનિક પોલીસ દ્વારા શહેરમાં વિવિધ માર્ગો પર ફ્લેગ માર્ચ યોજાઈ હતી. શહેરમાં લોકસભાની ચૂંટણીને લઈ કાયદો અને વ્યવસ્થાના ભાગરૂપે આજરોજ ઉના પોલીસના પીએસઆઈ સુવા, ઉના પોલીસ સ્ટેશનનાં અધિકારીઓ, કર્મચારીઓ, બંદોબસ્તમાં ફાળવેલ પોલીસ, CAPFના જવાનો સાથે ઉના શહેરમાં વિવિધ માર્ગો પર ફ્લેગ માર્ચ યોજવામાં આવી હતી.

# કોડીનાર નિવૃત્ત આંગણવાડી મહિલાઓ દ્વારા મતદાન બહિષ્કારના એલાન બાદ તંત્ર દ્વારા લેખિત ખાતરી આપતા સમાધાન

કોડીનાર તા.૫

કોડીનાર તાલુકાનાં નિવૃત આંગણવાડી કાર્યકરો અને હેલ્પરોએ મુખ્યમંત્રીને સંબોધી કોડીનાર મામલતદારને આવેદન આપી પોતાને મળતા ગ્રેચ્યુટીનાં લાભો આપવા માંગ કરી હતી. સુપ્રીમ કોર્ટના ચુકાદાને ટાંકીને આ માગણી કરી હતી. નિવૃત આંગણવાડીની બહેનોએ આવેદનમાં ચીમકી આપી હતી કે, 'અમારી માગણી નહિ સંતોષાય તો અમે મતદાનનો બહિષ્કાર કરીશું. આખરે આઈસીડીએસ અધિકારીઓએ લેખિત ખાતરી આપતા સુખદ સમાધાન થયું હતું. નિવૃત મહિલા આંગણવાડી કાર્યકરો અને હેલ્પરોને ૯૦ દિવસમાં તેઓને મળનારી ગ્રેચ્યુટી મળી જશે. આંગણવાડીની મહિલા કાર્યકરો આગામી ૭ તારીખે મતદાન કરશે. જિલ્લા કલેકટરની વિશેષ સૂચનાથી આઈસીડીએસનાં પ્રોગ્રામ ઓફિસર હીરાબેન રાજસાખા કોડીનાર આવ્યા હતા અને આ તમામ બહેનોને મળી જણાવ્યું હતું કે, 'હાલ આચારસંહિતા અમલમાં હોય ચૂંટણી પુરી થયા બાદ સરકારમાં રજૂઆત કરવામાં આવશે અને ચૂંટણી બાદ ૯૦ દિવસમાં આપ સૌની ન્યાયિક અને યોગ્ય માગણી પૂર્ણ કરવામાં આવશે.

**દારુની ૪૭ બોટલ અને એક મોટરસાઈકલ સહિત કુલ ૨૨૩૫૦ રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કર્યો**

# મોટરસાઈકલમાં ચોરખાનું બનાવી દારુની હેરાફેરી કરતા ઈસમને પોલીસે ઝડપી પાડ્યો

ઉના, તા.૫



મોટર સાઈકલની ટાંકીમાં ચોરખાનું બનાવી તેમાં રાખેલો ભારતીય બનાવટનો વિદેશી દારૂ ઉના પોલીસે ઝડપ્યો છે. મળતી માહિતી મુજબ પોલીસ સ્ટાફ પેટ્રોલીંગમાં હતો ત્યારે ભાડાશી ગામના પાટીયા પાસે આવતા બાતમી મળી હતી કે, તડ ગામ તરફથી એક મોટર સાઈકલની ટાંકીમાં ચોરખાનું બનાવી તેમાં ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો લઈ તડ ગામ તરફથી કાજરડી તરફ એક વ્યક્તિ આવનાર છે. આ બાતમીને આધારે પોલીસે વોચ રાખી ત્યારે હીંમતલાલ ધીરૂભાઈ ચારણીયા (ઉ.વ.૨૯ ધંધો-મજૂરી, રહે,. કાજરડી, ઠે.ચારણીયા શેરી, તા. ઉના, જી.ગીર સોમનાથ) દારુ લઈને આવતા તરત જ પોલીસે તેને ઝડપી પાડ્યો હતો. પોલીસે તેની પાસેથી ભારતીય બનાવટની વિદેશી દારૂની કિમ્પીસ, સ્પેશ્યલ વ્હીસ્કી, ઓલ્ડ એન્ડ ઓરીઝનલ ૧૮૦ એમ.એલ.ની પ્લાસ્ટીકની કંપની સીલપેક ૪૭ બોટલ મળી આવી હતી જેની અંદાજે કિંમત ૨૩૫૦ રૂપિયા જેટલી થાય છે. સાથે જ હીરો કંપનીની કાળા કલરની સ્પેન્ડર પ્લસ જેના રજી.નં. GJ-૩૨-D-૧૬૬૫ વાળી જેની કિ. ૨૦,૦૦૦ રૂપિયા મળી કુલ ૨૨,૩૫૦ રૂપિયાનો મુદ્દામાલ ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

# ઉનાના ખાપટ ગામના ૧૦થી વધુ કોંગી આગેવાનો ભાજપમાં જોડાયા

## જિલ્લા પંચાયતના સદસ્ય સહિત આગેવાનો હાજર રહ્યાં


ઉના, તા.૫



ઉના તાલુકાના ખાપટ ગામના ૧૦ થી વધુ કોંગ્રેસના આગેવાનો કોંગ્રેસ છોડી ભાજપમાં જોડાઈ જતા ચૂંટણી પહેલા કોંગ્રેસને વધુ એક ઝટકો લાગ્યો છે. ખાપટ ગામના કોંગ્રેસના આગેવાન પ્રતાપભાઈ ગોવિંદભાઈ બારૈયા, ધીરૂભાઈ પાંચાભાઈ બારૈયા, મનહરભાઈ અરશીભાઈ બારૈયા, મોહનભાઈ વીરાભાઈ બારૈયા સહિતના આગેવાનોને ધારાસભ્ય કાળુભાઈ રાઠોડે ભાજપનો ખેસ પહેરાવી વિધિવત ભાજપમાં આવકાર્યા હતા. આ તકે જિલ્લા પંચાયતના સદસ્ય રૂડાભાઈ શિંગડ, સામતભાઈ ચારણીયા, સરપંચ કાનાભાઈ બાંભણીયા સહિત આગેવાનો, કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાતમાં ૫ દિવસ યલો એલર્ટ : સુરતમાં હીટવેવની આગાહી

અમદાવાદ, તા.૫



હવામાન વિભાગ દ્વારા આગામી પાંચ દિવસ રાજ્યમાં શુષ્ક વાતાવરણની આગાહી કરવામાં આવી છે. આ સાથે જ આગામી બેથી ત્રણ દિવસમાં ઉત્તર ગુજરાતના કેટલાક ભાગોમાં મહત્તમ તાપમાન બેથી ત્રણ ડિગ્રી જેટલું વધી શકે છે. તદુપરાંત સુરતમાં હીટવેવની સંભાવના સાથે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આગામી પાંચ દિવસ સૌરાષ્ટ્રમાં આવેલા કેન્દ્રશાસિત પ્રદેશ દીવમાં હીટવેવની શક્યતા છે. ઉપરાંત બે દિવસ બાદ ગુજરાતમાં પોરબંદર અને ભાવનગરમાં હીટવેવની શક્યતા સાથે યલો એલર્ટની સંભાવના છે. મતદાનના દિવસે પણ અમદાવાદનું મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રીથી વધુ નોંધાશે. આ ઉપરાંત આગામી બે દિવસ રાજ્યભરમાં મહત્તમ તાપમાનમાં વધારો થઈ શકે છે. પવનની દિશા પણ પશ્ચિમ અને ઉત્તર પશ્ચિમ તરફની રહેશે. હાલમાં ગુજરાત ઉપર કચ્છના અખાતમાં ઉત્તર પશ્ચિમ દિશા તરફથી પવન ફૂંકાવાને કારણે અમદાવાદ શહેરમાં વહેલી સવારથી જ વાદળછાયું વાતાવરણ રહ્યું હતું. આગામી ૨૪ કલાક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર પૂર્ણ થતા શહેરનું આકાશ ફરી એકવાર સ્વચ્છ થશે. ગરમીનો પ્રકોપ વધશે. હાલમાં આગામી બે દિવસ દરમિયાન રાજ્યનું વાતાવરણ યથાવત રહેવાની શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે. હવામાન વિભાગ દ્વારા આગામી પાંચ દિવસ દરમિયાન ગુજરાત રાજ્યમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને પાર પહોંચવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. ખાસ કરીને અમદાવાદની આસપાસના વિસ્તારમાં અને સૌરાષ્ટ્ર-કચ્છમાં મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રી સુધી સેલ્સિયસ રહેવાની શક્યતા છે. આ સાથે ગુજરાતના સૌથી લાંબા દરિયાકાંઠાના વિસ્તારમાં હોટ એન્ડ હ્યુમિડ વેધર એટલે કે ગરમ ભેજયુક્ત પવન ફૂંકાવાની સાથે ડિસ્કમ્ફર્ટનો અનુભવ થશે.

## હિન્દુ નેતાને ધમકી આપનાર મૌલવીની સુરત ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ધરપકડ



સુરત,તા.૫

હિન્દુ સનાતન સંઘના રાષ્ટ્રીય અધ્યક્ષ અને અન્ય હિન્દુ નેતાઓને પાકિસ્તાન, નેપાળ અને અન્ય દેશના લોકો સાથે મળી જાનથી મારી નાખવાની ધમકી આપનાર મૌલવીને સુરત ક્રાઈમ બ્રાન્ચની ટીમે ઝડપી પાડ્યો છે. ઉત્તરપ્રદેશમાં હિન્દુ નેતા કમલેશ તિવારીની હત્યા બાદ હિન્દુ નેતાઓને ધમકીઓ મળી રહી હતી. વિશ્વ સનાતન સંઘના હિન્દુ નેતા ઉપદેશ રાણાને ફોન પર જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. ઉપદેશ રાણાને મારવાની ૧ કરોડની સોપારી આપ્યાના વ્હોટ્સએપ ચેટ પણ સામે આવ્યા છે. સુરત ક્રાઈમ બ્રાન્ચની ટીમે ચોકબજાર ભરીમાતા ફૂલવાડી પાસેથી મહમદ સોહેલ ઉર્ફે મૌલવી અબુબકર ટીમોલને ઝડપી પાડ્યો હતો. સુરત જિલ્લાના કઠોરગામમાં આવેલા મદ્રેસામાં હાફીઝ અને આલીમ બન્યો હતો. કઠોર-અંબોલી ગામમાં મુસ્લિમ બાળકોને ઈસ્લામ ધર્મ અંગેનું ટ્યુશન આપતો હતો. સુરત ક્રાઈમ બ્રાન્ચે મૌલવીના મોબાઈલની તપાસ કરતા વ્હોટ્સએપ ગ્રુપમાંથી અમુક લોકોના ફોટા અને નામ પણ મળ્યા છે, જેમાં નૂપુર શર્મા, સુદર્શન ચેનલના એડિટર ઈન ચીફ સુરેશ ચૌહાણ, હૈદરાબાદના હિન્દુવાદી MLA રાજાસિંહ છે. આ બધાને પણ ટાર્ગેટ કરીને ધમકી આપવાનું પ્લાનિંગ હતું. આ બધા સાથે પણ ચેટિંગ અને કોલ થયાની ડિટેઈલ્સ મળી છે, જેમાં એક ટાર્ગેટ ગુજરાતનું પણ છે.

## સુરતમાં નશાનો કારોબાર, ચાર યુવક અને ત્રણ યુવતીઓ પાસેથી મળી આવ્યું ડ્રગ્સ

સુરત, તા.૫



શહેરમાં છેલ્લા લાંબા સમયથી 'નો ડ્રગ્સ ઈન સુરત' નામનું અભિયાન પોલીસ ચલાવી રહી છે. ડ્રગ્સનો કારોબાર કરતા હોય તે લોકો પર સુરત પોલીસ સતત કામગીરી કરી રહી છે. ત્યારે સુરતના ભેસ્તાન રસ્તા પાસેથી સુરત પોલીસે સાત લોકોને ડ્રગ્સ સહિત કુલ ૨૪.૪૧ લાખના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં સફળતા મેળવી છે. જણાવી દઈએ કે, પોલીસે ડ્રગ્સ આપનાર બે જણાને વોન્ટેડ જાહેર કર્યા છે. બનાવની વિગતો જોઈએ તો, સુરતના ભેસ્તાન પોલીસ સ્ટેશનના પોલીસ કર્મચારીઓને બાતમી મળી હતી કે લક્ઝુરિયસ કારમાં પાંચથી સાત લોકો ડ્રગ્સનો જથ્થો લઈને આવી રહ્યા છે. આ બાતમીના આધારે સુરત પોલીસે ભેસ્તાન રસ્તા નજીકથી બે લક્ઝુરિયસ કારોને રોકીને તપાસ હાથ ધરી હતી. ત્યારે ત્રણ યુવતી અને ચાર યુવક પાસેથી ડ્રગ્સ મળી આવ્યું હતું. પોલીસે અભય યાદવ, મુસ્કાન અન્સારી, ખુશી પાંડે, અરમાન પઠાણ, રૂબી વિશ્વકર્મા, અસફાક ખાન અને મોહમ્મદ જુનેદ કડિયાને ઝડપી પાડ્યા હતા અને આરોપીઓ પાસેથી ૩૬,૬૦૦ની કિંમતનો મોબાઈલ અને બે કાર કબજે કરી ૨૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

પોલીસે આરોપીઓની પૂછપરછ કરતા સામે આવ્યું હતું કે આ ડ્રગ્સ કાલુ વોરાજી અને સમીર પાસેથી લાવવામાં આવ્યું હતું. આરોપીએ કબુલાત કરતા પોલીસે ચાર યુવક સહિત ત્રણ મહિલાને ઝડપી પાડી તેમની બે લક્ઝુરિયસ કારો પણ કબજે લીધી હતી અને આરોપીઓ જે બે વ્યક્તિ પાસેથી જથ્થો લાવ્યા હતા તેમને પોલીસે વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ શરૂ કરી છે.

## વડોદરામાં સોની પરિવારમાં બે વ્યક્તિના રહસ્યમય મોત થતા તપાસ

વડોદરા, તા.૫

વડોદરાના તરસાલી વિસ્તારમાં સોની પરિવારમાં સસરા-પુત્રવધૂનાં રહસ્યમય રીતે મોત નિપજ્યાં છે, જ્યારે પિતા-પુત્રની હાલત ગંભીર છે. પોલીસ તપાસમાં શેરડીના રસમાં ઝેર ભેળવી પીધાનું ખૂલ્યું છે. હવે શેરડીના રસમાં ઝેર કોણે ભેળવ્યું એ રહસ્ય ઘેરાયું છે. મૃતક સસરા અને પુત્રવધૂના પરિવારના મોભીએ પોલીસની જાણ બહાર અંતિમ સંસ્કાર કરી નાખ્યાનું પણ જાણવા મળ્યું છે. પોલીસ પૂછપરછ પછી પરિવારના મોભીએ ઝેર પી લેતાં તેને પણ સારવાર માટે ખસેડાયા છે. હાલ પિતા-પુત્ર જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાઈ રહ્યા છે. તેવામાં ઘરના મોભી સામે તેના સાળાએ હત્યા સહિતની કલમ હેઠળ ફરિયાદ નોંધાવી છે.

સોની પરિવારમાં થયેલા બનાવને લઈ પોલીસ ફરિયાદ નોંધાવી છે. આરોપી ચેતન સોની સામે હત્યાનો ગુનો નોંધાયો છે. પત્ની અને પિતાને શેરડીના રસમાં ઝેર ભેળવી મૃત્યુ નિપજાવ્યું છે. પોલીસે આરોપી સામે ૩૦૨, ૩૦૭, ૩૨૮ અને ૨૦૧ મુજબ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. ફરિયાદી મનોજકુમાર જશવંતલાલ સોની (ઉં.વ.૨૨, હાલ રહેવાસી ગામ હળદર વાસ, તાલુકો મહેમદાબાદ, જિલ્લો ખેડા)એ ફરિયાદ નોંધાવી છે.





